

Annexure - II

1253

નોંધપાત્ર પબ્લિક માર્કેટ હિસ્સાની વેચવાલી કરી

VCએ ૨૦૨૩માં બે અબજ $ની તુલનાએ ૨૦૨૪માં ચાર અબજ $ની કમાણી કરી

૨૦૨૨ના ૧.૫ અબજ ડોલરની સરખામણીએ કમાણીમાં ૧૮૦%નો વધારો

ચીનના અલીબાબા જૂથે બે બલ્ક ડીલ દ્વારા ઝોમેટોના ૯૦૦ મિલિયન ડોલરની કિંમતના શેરની વેચવાલી કરી

અમદાવાદ । ફંડિંગ વિન્ટર દરમિયાન એક્ઝિટની મર્યાદિત તકોના બે વર્ષ બાદ વેન્ચર કેપિટલ (વીસી) કંપનીઓએ ચાલુ વર્ષે નવેમ્બર મહિના સુધીમાં વિવિધ કંપનીઓમાં પબ્લિક માર્કેટ શેરની વેચવાલી કરીને રેકોર્ડ ૪.૦૬ અબજ ડોલરની કમાણી કરી હતી. એટલે કે, વિવિધ કંપનીઓમાં જંગી રકમનું રોકાણ કરનારા અને વેન્ચર કેપિટલ તરીકે ઓળખાતાં રોકાણકારોએ પોતાનો નોંધપાત્ર હિસ્સાની વેચવાલી કરી આકર્ષક કમાણી કરી લીધી હતી. વેન્ચર ઈન્ટેલિજન્સના ડેટામાં દર્શાવવામાં આવ્યું હતું કે, વીસી દ્વારા આ વર્ષે કરાયેલી કમાણી ગત વર્ષના ૨.૦૬ અબજ ડોલર કરતી બમણી છે. તેમજ વર્ષ ૨૦૨૨ની તુલનાએ આ કમાણીમાં ૧૮૦ ટકાનો વધારો થયો છે. કેમ કે, ૨૦૨૨માં આ આંકડો ૧.૫ અબજ ડોલર હતો. આ કુલ આંકડો ૨૦૨૧ના ફંડિંગ બૂમને પણ વટાવી ગયો છે. જ્યારે વીસીએ પબ્લિક માર્કેટ હિસ્સાના વેચાણ દ્વારા ૩.૩ અબજ ડોલરની આવક કરી હતી. લિસ્ટેડ કંપનીઓમાં ઈક્વિટી હિસ્સેદારીના વિનિવેશ સાથે જોડાયેલ વેચાણ એ વાતને રેખાંકિત કરે છે કે, કેવી રીતે તેજીવાળા આઈપીઓ બજારે રોકાણકારોના એક્ઝિટના વ્યૂહને પુનઃજીવિત કર્યું છે. વીસી આધારિત આઈપીઓમાં સૌથી અલગ સ્વિગીની નવેમ્બરમાં ૧.૪ અબજ ડોલરની ઓફર હતી. જેથી તેના રોકાણકારો માટે ૭૫૦ મિલિયન ડોલર છૂટા કરવાનો માર્ગ મોકળો થયો હતો.

IPOમાં તેજીનો લાભ : જાહેર બજાર હિસ્સો ઘટાડી VCની એક્ઝિટ

વર્ષ	સોદાઓની સંખ્યા	કમાણીની રકમ મિલિયન ડોલરમાં)
2020	7	113
2021	18	3,262
2022	13	1,459
2023	32	2,064
2024	44	4,067

૨૦૨૪માં અત્યાર સુધીની ટોપ એક્ઝિટ

કંપની	સેલિંગ ઈન્વેસ્ટર્સ	કમાણી કરાયેલી રકમ (મિલિયન ડોલરમાં)
સ્વીગી	ઈલિવેશન કેપિટલ, ગોલ્ડમેન સક્સ, નોરવેસ્ટ, એસેલ, ડીએસટી ગ્લોબલ, આલ્ફા વેવ, હિલહાઉસ કેપિટલ, ટેનસેન્ટ, હાર્મોની પાર્ટનર્સ, બેરોન કેપિટલ, નાસપર્સ	૭૫૦
ઝોમેટો	અલિબાબા	૯૦૯
પોલીસી બઝાર	ટેમાસેક	૨૯૧
ફર્સ્ટક્રાય	પ્રેમજી ઈન્વેસ્ટ, ટીપીજી કેપિટલ, સોફ્ટબેન્ક કોર્પોરેશન, ન્યૂબવેસ્ટ, કિશ ગોપાલકિષ્ણન, શ્રોડર એડવેક	૨૨૭

૮૧,૧૫૧ તથા ૨૪,૬૦૧ નજીકના ટેકા ધ્યાનમાં રાખવા

સ્ટોક સ્પેસિફિક એપ્રોચ રાખી વેપાર કરવો

ડેઈલી ટ્રેડિંગ
ધર્મેશ ભટ્ટ

બીએસઈ ઇન્ડેક્સ (૮૧,૭૪૮) : ૮૧,૫૫૧ નજીકનો ટેકો ધ્યાનમાં રાખવો. જે તૂટતાં ૮૧,૨૦૨-૮૧,૧૪૮ તથા તે બાદ ૮૦,૯૮૯ અને ૮૦,૮૬૪ની નીચી સપાટી આવી શકશે. ઘટાડે લેવાલી જોવાશે. લેણમાં ૮૦,૬૩૫નો સ્ટોપલોસ રાખવો. ઉપરમાં ૮૧,૯૩૯-૮૨,૦૦૬ તથા ૮૨,૧૩૫ મહત્ત્વની પ્રતિકાર સપાટી ધ્યાનમાં રાખવી. ૮૨,૧૩૫ પાર થયા બાદ ફ્રેશ લેવાલી થકી ૮૨,૩૯૭-૮૨,૫૦૧ તથા તે બાદ ૮૨,૭૦૦નો સુધારો જોવાશે.

નિફ્ટી સ્પોટ : (૨૪,૬૬૮) ૨૪,૬૦૧ નજીકનો ટેકો ધ્યાનમાં રાખવો, જે તૂટતાં ૨૪,૫૩૧-૨૪,૪૮૬ તથા ૨૪,૪૨૩-૨૪,૪૧૩ની નીચી સપાટી આવી શકશે. ઘટાડે લેવાલી જોવાશે. લેણમાં ૨૪,૪૧૩નો સ્ટોપલોસ રાખવો. ઉપરમાં ૨૪,૭૩૩ તથા ૨૪,૭૮૨ની પ્રતિકાર સપાટી ધ્યાનમાં રાખવી. ૨૪,૭૮૨ પાર થયા બાદ ફ્રેશ લેવાલી થકી ૨૪,૮૯૨ તથા ૨૪,૯૫૨-૨૪,૯૬૭નો સુધારો જોવાશે. નીચામાં ૨૪,૪૧૩ તૂટતાં ૨૪,૩૧૦નું પેનિક જોવાશે.

બેન્ક નિફ્ટી સ્પોટ : (૫૩,૫૮૧) ૫૩,૩૩૫ નજીકનો ટેકો ધ્યાનમાં રાખવો. જે તૂટતાં ૫૩,૨૧૨, ૫૩,૮૦૫, ૫૩,૦૦૦ ની નીચી સપાટી આવી શકશે. જ્યાં લેવાલીનો ટેકો જોવાશે. લેણમાં ૫૨,૯૦૦નો સ્ટોપલોસ રાખવો. ઉપરમાં ૫૩,૬૧૨ તથા ૫૩,૭૬૨ મહત્ત્વની પ્રતિકાર સપાટી ધ્યાનમાં રાખવી. ૫૩,૭૬૨ પાર થતાં ૫૩,૯૦૧-૫૩,૯૯૦ તથા તે બાદ ૫૪,૧૪૫નો સુધારો જોવાશે. નીચામાં ૫૨,૯૦૦ તૂટતાં ૫૨,૬૮૦નું પેનિક જોવાશે.

અશોક લેલેન્ડ : (૨૩૪/૭૫) ૨૩૨ના ઘટાડે લેવાલી જોવાશે. લેણમાં ૨૨૯નો સ્ટોપલોસ રાખવો. ઉપરમાં ૨૪૨ તથા ૨૪૫-૨૪૭નો સુધારો જોવાશે.

બજાજ ફીન સર્વ : (૧,૬૭૨) ૧,૬૫૯ના ઘટાડે લેવાલી જોવાશે. લેણમાં ૧,૬૩૫નો સ્ટોપલોસ રાખવો. ઉપરમાં ૧,૬૮૫ પાર થતાં ૧,૭૦૮ તથા ૧,૭૨૨નો સુધારો જોવાશે.

સિટી યુનિયન બેન્ક : (૧૮૭) ૧૮૫ના ઘટાડે લેવાલી જોવાશે. લેણમાં ૧૮૧નો સ્ટોપલોસ રાખવો. ઉપરમાં ૧૮૮ પાર થતાં ૧૯૨ તથા તે બાદ ૨૦૨નો સુધારો જોવાશે.

આઈસીઆઈસીઆઈ બેન્ક : (૧,૩૪૫) ૧,૩૩૮ નજીકનો તથા ૧,૩૩૦-૧,૩૨૮ના ઘટાડે લેવાલી જોવાશે. લેણમાં ૧,૩૧૪નો સ્ટોપલોસ રાખવો. ઉપરમાં ૧,૩૫૧ પાર થતાં ૧,૩૬૦, ૧,૩૭૨ તથા ૧,૩૯૩નો સુધારો જોવાશે.

ઇન્ડસ ઇન્ડ બેન્ક : (૧,૦૦૦) ૯૯૩ના ઘટાડે લેવાલી જોવાશે. લેણમાં ૯૮૬નો સ્ટોપલોસ રાખવો. ઉપરમાં ૧,૦૧૭ તથા તે બાદ ૧,૦૨૯ અને ૧,૦૪૮ નો સુધારો જોવાશે.

ફોટાની માગણી મુદ્દે થયેલી ચડભડમાં યુવતીએ ચેલેન્જ આપી પંખે લટકી ગઈ હોવાનું અનુમાન

પાલનપુરમાં યુવક પાસે માગેલા ફોટા ન આપતા યુવતીએ વીડિયો બનાવી ગળે ફાંસો ખાઈ લીધો

। પાલનપુર ।

પાલનપુરના તાજપુરા વિસ્તારમાં શરણાઈવાડી ઠાકોરવાસમાં રહેતી એક યુવતીએ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરતાં ચકચાર મચી જવા પામી છે. જોકે યુવતીએ આપઘાત કરતાં પહેલા તે એક ચાહત નામના યુવકની માફી માંગતો વિડિયો બનાવ્યો હોવાનુ અને યુવતીના મોબાઈલમાંથી અમુક કોલ રેકોર્ડિંગ પણ મળ્યા હતા.

યુવતીની બેને નોંધાવેલ ફરીયાદ આધારે પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ મથકે વધુ કાર્યવાહી હાથ ધરી છે. પાલનપુર શહેરના તાજપુરા શરણાઈ વાડીમાં આવેલ ઠાકોર વાસમાં પોતાના બહેન બનેવી જોડે રહેતી રાધા વાલિતભાઈ ઠાકોર તેના બહેનના દીકરા જોડે ગત શનિવારે સવારે તેના ફોઈના ઘરે કુવા ગામમાં પ્રાણ પ્રતિષ્ઠા હોઈ ત્યાં જઈ સાંજના સુમારે પરત ફરી તેના બ્યુટીપાર્લરનો ઓર્ડર હોઈ તેના બહેનને ઘરે જમવાનું બનાવવાનું ના પાડી ગયેલ અને રાતે નવેક વાગ્યાના સુમારે ઘરે આવીને તેના પરીવાર જોડે મોડી રાત સુધી ટીવી જોઈને રાતે પોતાના રૂમમાં જઈ સુઈ ગયેલ. બીજા દિવસે સવારે તેના બહેન ઉઠીને તેના દિકરાને ચા બનાવવાનું કહી તેની માસી રાધાબેનને ઉઠાડવાનું કહેતા તે રાધાબેનના રૂમનો દરવાજો ખોલતા બુમો પાડવા લાગ્યો હતો. જેથી તેની માતા અલકાબેન રૂમમાં જઈ જોતા રાધાબેન ગળે સાડી વડે પંખે ફાંસો ખાધેલી હાલતમાં જોવા મળતા અલકાબેને તેના પતિ અને ભાઈને બોલાવી રાધાબેનને નીચે ઉતારીને તરત પાલનપુર સિવિલ હોસ્પિટલમાં લઈ જતા સિવિલ હોસ્પિટલના ડૉક્ટરે તેને મૃત જાહેર કરતા રાધાબેનની લાશને પીએમ અર્થે ખસેડવામાં આવી હતી. યુવતીએ આપઘાત કરતાં પહેલા વિડિયો બનાવ્યો હતો. જેમાં તે એક ચાહત નામના ઈસમની માફી માંગીને ચાહતને ખુશ રહેવા કહે છે. યુવતી બધી રીતે કંટાળી હોઈ ગુંગળામણ અનુભવતી હોય આ પગલું ભરતી હોવાનું વિડિયોમાં જણાવે છે. રાધાબેન ચાહતને કોઈ સારી યુવતી શોધીને તેના જોડે લગ્ન કરશે તો રાધાબેનની આત્માને શાંતિ મળશે તેમ પણ કહે છે. આ ઘટનાને લઈને પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ મથકે અરજી કરતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

જિંદગી કુછ તો બતા અપના પતા.... પાક. બોટમાંથી મળેલા તરુણને ઓબ્ઝર્વેશન હોમમાં રખાતા તે ગુજરાતી શીખી ગયો

રાજકોટ કલેક્ટર બન્યા ' બજરંગી ભાઈજાન'

પાકિસ્તાની તરૂણનો અઢી વર્ષ બાદ અટારી બોર્ડરે મા-બાપ સાથે મેળાપ

સંસ્થામાંથી વિદાય વખતે બાળકોમાં ભારત-પાકિસ્તાનના ભેદ ભુલાઈ ગયા: સંવેદનાસભર દ્રશ્યો

। રાજકોટ ।

ભારત અને પાકિસ્તાનના વણસેલા સંબંધ વચ્ચે વર્ષ ૨૦૧૫માં આવેલી 'બજરંગી ભાઈજાન' ફિલ્મમાં 'મુન્ની' ભારત આવ્યા બાદ પરત પાકિસ્તાન પહોંચી શકી ન હતી. ફિલ્મનો હિરો અનેક અડચણ વચ્ચે પાકિસ્તાન મુકી આવે છે. આ ફિલ્મ જેવો જ રિયલ કિસ્સો રાજકોટમાં બન્યો છે. અને પાકિસ્તાની સગીર બાળકને તેના દેશમાં હેમખેમ પહોંચાડવામાં રાજકોટ કલેકટર પ્રભવ જોશીએ 'બજરંગી ભાઈજાન'ની ભૂમિકા ભજવી છે. ૩૧ મહિનાના રાજકોટમાં કારાવાસ(ઓબ્ઝર્વેશન) બાદ પાકિસ્તાની બાળક ઘણુ બધુ શીખી ગયો હતો. ખાસ કરીને તે યોગ ટ્રેનર, ગુજરાતી ભાષા શીખી ગયો હતો.સજા પુરી થયા પછી રાજકોટ છોડતી વખતે પાકિસ્તાની બાળક ભાવુક બની ગયો હતો.

જિલ્લા કલેકટરે જણાવ્યું હતું કે, ગત તા. ૧૨-૧-૨૦૨૨ના રોજ પોરબંદરના દરિયાકાંઠા પાસે માછીમારી કરતા પાકિસ્તાની નાગરીકોની એક બોટ પકડાઈ હતી. તેમાં એક બાળ સગીર પણ હતો. ભારતીય જળસીમામાં ગેરકાયદે પ્રવેશ કરતા નવી બંદર પોલીસ મથકમાં બાળ કિશોર સામે ગુનો દાખલ કરવામાં આવેલ. બાળ કિશોરને જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ પોરબંદર દ્વારા ન્યાયીક કસ્ટડીમાં ઝોનલ ઓબ્ઝર્વેશન હોમ રાજકોટમાં મોકલી આપેલ.

બાદમાં પોરબંદર જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ દ્વારા કેસ ચલાવી તા.૨૫-૮-૨૦૨૨ના બાળ કિશોરને કસુરવાન ઠેરવી સુધારણા હેતુ જૂવેનાઈલ જસ્ટીસ એક્ટની ૨૦૧૫ની કલમ ૧૮(જી) હેઠળ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરને સ્પેશ્યલ હોમ ફોર બોયઝ રાજકોટ ખાતે રાખવાનો હુકમ કરવામાં આવેલ. અને સજા બાદ બાળ કિશોરને વતન ડિપાર્ટ કરવાનો હુકમ કરવામાં આવેલ. બાળકની રાજકોટમાં અઢી વર્ષની સજા સમાપ્ત પુરી થયા બાદ વતન પાકિસ્તાન મુકવાની તૈયારી હાથ ધરવામાં આવી હતી. આથી ગત સપ્ટેમ્બર મહિનામાં બાળકને લઈ રાજકોટ કલેક્ટર તંત્ર, સમાજ સુરક્ષા વિભાગ, પોલીસ તંત્ર દ્વારા વાઘા બોર્ડરે લઈ જવામાં આવ્યો હતો.

પરંતુ બાળકના વાલીઓ તેડવા નહીં આવતા બાળકને લઈ તંત્ર પરત આવ્યું હતું. તે પછી જિલ્લા કલેકટર સહિતના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પાકિસ્તાનમાં બાળ કિશોરના વાલીને સંપર્ક કરવામાં આવ્યો હતો. અને તેઓને ફરી તા.૯-૯-૨૦૨૪ના અટારી બોર્ડર, અમૃતસર ખાતે હાજર રહેવા જણાવ્યું હતું. જ્યાં આ તારીખે પાકિસ્તાની બાળકના પરિવાર આવતા તેઓને બાળક સોંપવામાં આવ્યું હતું.

ઓબ્ઝર્વેશન હોમમાં પાકિસ્તાની બાળકે કુલ ૩૧ મહિનાની સજા કાપી હતી. પાકિસ્તાની બાળક ઉર્દુ અને હિન્દી બોલતો હતો. તેનું સંસ્થાના શિક્ષકો અને હાઉસ ફાધર દ્વારા બાળકને રસના વિષય ભણાવવાનો પ્રયત્ન કરેલ. અને ગુજરાતી ભાષા શિખવવાની કોશિષ કરતા બાળક ગુજરાતી બોલતા શીખી ગયો હતો. તેમજ અંગ્રેજીનું શિક્ષણ પણ મેળવેલ હતું. અને અંગ્રેજીમાં તેની સહિ કરતા પણ શીખી ગયો હતો.

ઓબ્ઝર્વેશન હોમમાં ૭ દિવસનો યોગાસન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં પાકિસ્તાની બાળકે નિપૂર્ણ બની અન્ય બાળકો માટે ટ્રેનર બની ગયો હતો. યોગાસન અભ્યાસમાં યોગ શિક્ષકની ભૂમિકા પણ ભજવેલ હતી. એટલુ જ નહીં રાષ્ટ્રીય પર્વ તથા વાર તહેવારની ઉજવણીમાં ઉત્સાહ પૂર્વક ભાગ લેતો. રાજકોટની સંસ્થામાંથી પાકિસ્તાન ડિપોર્ટ કરતી સમયે સંસ્થાના શિક્ષકો અને અન્ય બાળ ભાઈબંધો સાથે લાંબા સમયથી રહેતા પાકિસ્તાની બાળક રડવા લાગ્યો હતો. ત્યારે પાકિસ્તાની બાળક અને ભારતીય બાળકો વચ્ચે લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા.

શરૂઆતમાં ટેન્શનમાં રહેલ તરૂણ વતન જવાનું રટણ કરતો । શરૂઆતમાં ટેન્શનમાં રહેલા તરૂણ પાકિસ્તાન જવાનું રટણ કરતો હતો. ત્યારે સંસ્થાના કાઉન્સેલર દ્વારા સમજાવટથી વતન પરત મોકવા વાયદા કરવામાં આવતા હતા.અને બાળકને હૂંફ અને લાગણી આપી વતન પાછા ન ફરી શકવાના ટ્રોમાંથી બહાર કાઢી શિક્ષણ સાથે જોડવામાં આવ્યો હતો

પ્રતીક ભૂખ હડતાળ કર્યા બાદ ભારે સૂત્રોચ્ચાર અને ઉગ્ર વિરોધ પ્રદર્શન

પાટણ યુનિ.માં દારૂની મહેફિલ સહિતના મુદ્દે હલ્લાબોલ, પોલીસકર્મીને થપ્પડ પડી

'દારૂ કે દલાલો કો જૂતે મારો સાલોકો' ધારાસભ્ય અને NSUIના સૂત્રોચ્ચાર

। પાટણ । (પ્ર.ન્યૂ.સ.)

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ આજે સમરાંગણમાં ફેરવાયું હતું. દારૂ કાંડ મુદ્દે ધારાસભ્ય અને NSUI દ્વારા ધરણા કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જે દરમિયાન ભારે હોબાળો થયો હતો, પોલીસ અને કાર્યકરો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ સમયે પોતાના અંગત કામ માટે સીવીલ ડ્રેસમાં ત્યાં આવેલા એક પોલીસ જવાનને ધારાસભ્ય સાથેના એક યુવાને લાફો મારી દીધો હતો. જોકે પોલીસ જવાન બંદોબસ્તમાં ન હોય તેણે ફરિયાદ નોંધાવી નહોતી. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં થોડા દિવસો અગાઉ યુનિવર્સિટીની રૂપા હોસ્ટેલમાંથી ત્રણેક ખેલાડીઓ દારૂની મહેફીલ માણતા યુનિ.ના રેકટરના હાથે રંગેહાથ ઝડપાઈ જવા પામ્યા હતા. જેમની સામે પોલીસ દ્વારા હજુ સુધી ફરિયાદ નોંધાઈ નથી. પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ અને NSUI દ્વારા યુનિવર્સિટીમાં બનેલી દારૂની મહેફીલ કાંડ સહિત વિવિધ મુદ્દે સોમવારે યુનિવર્સિટીમાં પ્રતિક ભૂખ હડતાલ અને ધરણા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને કુલપતિ અને રજિસ્ટ્રારને દારૂની મહેફીલ કાંડમાં દોષિત વ્યક્તિ સામે ફરિયાદ નોંધવા રજૂઆત કરવામાં આવી હતી. મુખ્યમંત્રી અને રાજયના ગૃહમંત્રીને આ બાબતે લેખિતમાં રજૂઆત કરવા માટે જણાવતા કુલપતિ દ્વારા આ બાબતે લેખિતમાં રજૂઆત કરાઈ હતી. અંતે આંદોલન સમેટવામાં આવ્યું હતું.

સોમવારે બપોરે પાટણના ધારાસભ્ય કિરીટભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોર, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ચેમરભાઈ દેસાઈ, NSUI ના પ્રદેશ પ્રમુખ સહિતના કોંગ્રેસના અગ્રણીઓ, કાર્યકરો, કોર્પોરેટરો તેમજ NSUI ના કાર્યકરોએ યુનિવર્સિટીના વહિવટી ભવન પાસે પ્રતિક હડતાલ કરી હતી તેમજ યુનિવર્સિટી વિરૂદ્ધ ભારે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત રામધુન પણ બોલાવાઈ હતી. દારૂ કે દલાલો કો જૂતે મારો સાલો કો, શિક્ષણના ધામમાં આલ્કોહોલ મેદાનમાં વગેરે સૂત્રો પોકાર્યા હતા.

ત્યારબાદ ધારાસભ્ય કિરીટભાઈ પટેલ અને કાર્યકરો પોતાની રજૂઆતો યુનિવર્સિટીના કુલપતિ ડૉ.કે.સી.પોરીયાને કરવા માટે જતા તેમને વહિવટી ભવનના ગેટ પાસે અટકાવાયા હતા. ત્યારે પોલીસ અને ધારાસભ્ય વચ્ચે ચકમક ઝરી હતી. ત્યારબાદ ધારાસભ્ય તેમના સમર્થકો સાથે કુલપતિને મળ્યા હતા અને તેમની ચેમ્બરમાં પ્રતિક ભૂખ હડતાલ શરૂ કરી હતી.

જ્યાં સુધી તેમની માંગણીઓ ન સંતોષાય ત્યાં સુધી હડતાલ ચાલુ રાખવાની ચીમકી આપતા કુલપતિ દ્વારા આ બાબતે પત્ર તૈયાર કરીને રાજ્યના મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને મોકલવામાં આવ્યો હતો ત્યારબાદ આંદોલન સમેટવામાં આવ્યું હતું.

ભુવાલડીમાં જમીન ખાલી કરાવવા મુદ્દે પથ્થરમારો-તોડફોડ

મામલતદારના આદેશ બાદ જમીનનો કબજો લેવા ગયેલા માલિકો પર હુમલો, ૪ને ઈજા : તોડફોડ કરનારા લોકોને પકડવા પોલીસનું કોમ્બિંગ

અમદાવાદ । નિકોલના છેવાડે આવેલા ભુવાલડી ગામમાં સોમવાર સવારે મામલતદારના આદેશ બાદ જમીનનો કબ્જો લેવા ગયેલા લોકો પર ૧૫થી વધુ શખ્સોના ટોળાએ તલવારો અને ડંડાઓથી હિચકારો હુમલો કરીને પાંચ વાહનોમાં તોડફોડ કરી હતી. બાદમાં પથ્થરમારો પણ કર્યો હતો. વર્ષ ૧૯૭૫થી ગણોતીયા તરીકે ધીરુભાઈ પટેલ અને અનિલભાઈ પટેલ નામના બંને ભાઈએ જમીનના માલિક હોવાનો દાવો કરી રહ્યા છે. ત્યારે ભુવાલડી ગામના લોકો આજે વિરોધમાં ઉતરીને જમીનનો કબ્જો લેવા આવેલા શખ્સોના વાહનોમાં તોડફોડ કરતા ભારે નાસભાગ મચી હતી. ઘટના બાદ પોલીસે પાંચની અટકાયત કરી હતી.

ભુવાલડી ગામમાં જમીન બાબતમાં ધીંગાણું સર્જાયું હતું. વડીલો પાર્જીત ૦૮ વીઘા જમીન અંગેનો વિવાદ કોર્ટમાં ચાલી રહ્યો હતો. ત્યારબાદ મામલતદારના આદેશ બાદ નિકોલ વિસ્તારમાં રહેતા બન્ને વૃદ્ધ ભાઈઓ જમીનનો કબ્જો લેવા સારૂં સોમવાર ભુવાલડી ગામે પહોંચ્યા હતા. પરંતુ ત્યાં મંદિર પણ હોવાથી મામલાની જાણ ગામજનોમાં થતા જ લોકો તલવારો સાથે ઘાતક હથિયાર લઈને જમીનનો કબ્જો લેવા આવેલા લોકો પર હુમલો કર્યો હતો. પછી વધુ વાહનોમાં તોડફોડ કરીને મામલતદારના આદેશનું ઉલ્લંઘન કર્યું હતુ. પથ્થરમારાના પગલે જમીનનો કબ્જો લેવા આવેલા બંને ભાઈઓ અને તેમની સાથે આવેલા લોકો ભાગી ગયા હતા ઘટનામાં ચારને ઈજા પણ પહોંચી હતી. આ અંગે ધીરુભાઈ પટેલ અને અનિલભાઈ પટેલ સહીત અન્ય લોકોના નિકોલ પોલીસે નિવેદન નોંધ્યા હતાં.

વર્ષો પહેલા જગ્યા ટ્રસ્ટના નામે હતી

વર્ષો પહેલા આ જગ્યા ધીરૂભાઇના નામે હતી. પરંતુ બાદમાં દેખરેખ ન હોવાથી જગ્યા ખાલી પડી રહી હતી. જે બાદ ગામના ટ્રસ્ટના નામે બોલતી હતી. જ્યાં ગૌશાળા હતી. બાદમાં રેવન્યુ તકરારમાં કેસ ચાલી રહ્યો હતો. જેમાં તમના આદેશ બાદ રિતેશ ધીરૂભાઇ પટેલ સહિત પાંચ લોકો જમીન પર કબ્જો લેવા પહોંચ્યા હતા. જેમાં ગામવાળાને આ જગ્યા અમારી છે કહીને ટોળુ એકઠુ થઇનેહુમલો કર્યો હતો.

૧૦ સભ્યોના ટાસ્ક ફોર્સનું કાર્યક્ષેત્ર નક્કી કરાયું

રાજ્ય સરકારમાં AIનો ઉપયોગ માટે ટાસ્ક ફોર્સની રચના કરાઈ

। ગાંધીનગર ।

ગુજરાત સરકારે તાજેતરની ચિંતન શિબિરમાં લીધેલા નિર્ણયના ભાગરૂપે સરકારમાં વિવિધ સ્તરે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગ માટે રોડ-મેપ તૈયાર કરવા રાજ્યના સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગના અગ્રસચિવ મોના ખંધારની અધ્યક્ષતામાં ૧૦ સભ્યોના ટાસ્ક ફોર્સની રચના કરી છે. સાથોસાથ, ગિફ્ટસિટીમાં એઆઈ સેન્ટર ઑફ એક્સલન્સની સ્થાપના માટે માઈક્રોસોફ્ટ કંપની સાથે તાજેતરમાં એમઓયુ કર્યો છે.

એઆઈ ટાસ્ક ફોર્સની સ્કોપ ઑફ વર્કમાં આ બધી બાબતો આવરી લેવાઈ છે : વ્યૂહાત્મક પ્લાનિંગ-સર્વગ્રાહી એઆઈ રોડમેપ અને તેના અમલીકરણ માટે સ્ટ્રેટેજી તૈયાર કરવી, એઆઈ એડોપ્શન-સરકારી અને બિન સરકારી ક્ષેત્રના વિવિધ સેક્ટર્સમાં એઆઈના ઉપયોગની ઓળખ કરવી, પોલિસી એડવોકસી-ઈન્ડિયા એઆઈ મિશન સહિતના રાષ્ટ્રીય એઆઈ ફ્રેમવર્ક તથા નીતિઓ સાથે સુસંગતતા નિશ્ચિત કરવી, કોલાબરેશન-શિક્ષણ તજ્જ્ઞો, ઔદ્યોગિક ક્ષેત્રના આગેવાનો, સ્ટાર્ટઅપ્સ તથા ઈન્ટરનેશનલ એઆઈ કંપનીઓ સાથે ભાગીદારી કરવી, કેપેસિટી બિલ્ડિંગ-રાજ્યમાં એઆઈ સાક્ષરતા વધારવી અને સ્કિલ ડેવલપમેન્ટને પ્રોત્સાહિત કરવું.

ડેટા સિક્યોરિટી- ડેટા સિક્યોરિટી સહિતની એઆઈ એડોપ્શન વગેરે તમામ બાબતો આવરવી, મોનિટરિંગ એન્ડ ઇવેલ્યુએશન- પ્રોજેક્ટનું મૂલ્યાંકન કરવું તથા જરૂર પડ્યે સુધારા કરવા, ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ-એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે નિષ્ણાત સલાહ-માર્ગદર્શન પૂરું પાડવું તથા સ્ટેટ ડેટા સેન્ટરને એઆઈ એનેબલ્ડ બનાવવું.

ટેન્ડર નોટીસ
મનરેગા શાખા, તાલુકા પંચાયત કચેરી, તાલુકો - ફતેપુરા, જીલ્લા-દાહોદ
ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં-૧ સને ૨૦૨૪-૨૦૨૫

તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત કચેરી, ફતેપુરા જીલ્લા-દાહોદ પીન-૩૮૯૧૭૨ ની કચેરી હસ્તકની ગ્રામ પંચાયતોમાં મનરેગા યોજના અંતર્ગત માલસામાન સપ્લાયની કામગીરી કરતા ઈજારદારો માટે ઈ-ટેન્ડર દ્વારા ટેન્ડર ડોક્યુમેન્ટની શરતોએ ભાવો મંગાવવામાં આવે છે ટેન્ડર ફી નો ડી.ડી./ બાનાની રકમ એફ.ડી વિગેરે સપોર્ટીંગ ડોક્યુમેન્ટ બીડ સબમીશન સાથે ઓનલાઈન ઈલેક્ટ્રોનિક ફોરમેટમાં સ્કેન કરવાના રહેશે, આવા સ્કેન થયેલ ટેન્ડરો જ ખોલવામાં આવશે. વેબસાઈટ www.nprocure.com પર ટેન્ડર ડાઉનલોડ તથા સબમીશન થઈ શકશે. તેમજ માહિતી વિભાગ વેબસાઈટ www.statetenders.com પર જોવા મળશે. ઈ-ટેન્ડરની વિગતો તથા વિગતવાર ટેન્ડર નોટીસ અત્રેની કચેરીના નોટીસબોર્ડ પર જોવા મળશે. આ જાહેરાત કરારપત્ર નો એક ભાગ ગણાશે, ટેન્ડર એ ક્યા બધા મંજૂર કે નામંજૂર કરવાના હક્ક સત્તાધિકારીઓશ્રીને અબાધિત રહેશે.

અ.નં.	કામનું નામ	બાનાની (EMD) રકમ રૂ.	ટેન્ડર ફીની રકમ રૂ. (નોન રીફંડેબલ)
૧	૨	૩	૪
૧	માલસામાન/મટીરીયલ (સિવિલવર્ક) સપ્લાય	Rs.16.00 લાખ	Rs.15000/-
બીડ ડોક્યુમેન્ટ ડાઉનલોડીંગ શરૂ થવાની તારીખ		17/12/2024	
બીડ ડોક્યુમેન્ટ સબમીશનની છેલ્લી તારીખ		07/01/2025	
ટેન્ડર ફી અને બાનાની રકમ તથા ડોક્યુમેન્ટ RPAD દ્વારા પહોંચાડવાનીતારીખ		15/01/2025	
ટેન્ડર વેલીડીટી પીરીયડ		120 days	
Tender Opening Date		17/01/2025	
બીડ વેલીડીટીંગ ઓફિસર		તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત કચેરી, તાલુકો ફતેપુરા જીલ્લા - દાહોદ	
બીડ ઓપનીંગ ઓથોરીટી		તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત કચેરી, તાલુકો ફતેપુરા જીલ્લા - દાહોદ	
બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજો રજુ કરવાનું સ્થળ		તાલુકા પંચાયત કચેરી, તાલુકો ફતેપુરા જીલ્લા-દાહોદ	

જનરલ ટર્મસ એન્ડ કંડીશન
(૧) બીડર્સ ટેન્ડર ડોક્યુમેન્ટસ વેબસાઈટ https://www.nprocure.com પરથી વિનામુલ્યે ડાઉનલોડ કરી શકાસે.
(૨) બીડર્સ તેમનું બીડ ઈલેક્ટ્રોનિક ફોરમેટમાં વેબસાઈટ https://www.nprocure.com પર છેલ્લી તારીખ અને સમય સુધીમાં સબમિટ કરવાનું રહેશે.
(૩) ફિઝીકલ ફોર્મસમાં રજુ થયેલ ઓફર્સ સ્વીકારવામાં આવશે નહિ.

પ્રોગ્રામ ઓફિસર
- વ -
તાલુકા વિકાસ અધિકારી
તાલુકા પંચાયત કચેરી, ફતેપુરા

(માહિતી-દાહોદ-૨૯૧-૨૦૨૪)

GSECL
GUJARAT STATE ELECTRICITY CORPORATION LIMITED
VidyutBhavan, Race Course, Vadodara, India - 390007.
CIN: U40100GJ1993SGC019988, Website: www.gsecl.in
Ph. 91-265-6612101/04, Fax: 91-265-2344537
Generation Department e-mail: cegen.gsecl@gebmail.com

Tender Notice No. GSECL/CEG/P&C/GP-I/AS/ Conv.Belt/426. n-Procure Tender ID No: 136860.

Chief Engineer (Gen), Gujarat State Electricity Corporation Limited, Vadodara invites e- tender(On line) for the supply of F.R. Grade Coal Conveyor Belts to various Power Stations of GSECL on annual rate contract basis as per technical specifications mentioned at tender Documents and Schedules.

The tender documents of above are available on website https:// www.tender.nprocure.com (for view, down load and on-line submission) and on website https://www.gsecl.in/ (for view and down load only). Interested vendors may surf the above website and may download the said tender from our website, for submission of your tender on n-Procure before due date and time.

Note: - Be in touch with our website till the opening of bid.

Sd/-
Chief Engineer (Generation), GSECL,
Corporate Office, Vadodara.

MGVCL
મધ્ય ગુજરાત વિજ કંપની લીમીટેડ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, સરદાર પટેલ વિદ્યુત ભવન
રેસકોર્ષ, વડોદરા - ૩૯૦ ૦૦૭
CIN : U40102GJ2003SGC042907

જાહેર વિજ્ઞપ્તિ

માનનીય ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જીઈઆરસી), ગાંધીનગર સમક્ષ રજુ કરેલ પીટીશન અરજી નં. ૨૪૦૭/ ૨૦૨૪ બાબતમાં

માનનીય ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, ગાંધીનગર સમક્ષ નિમ્ન લિખિત સંદર્ભમાં અરજદાર મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા વીજ અધિનિયમન ૨૦૦૩ની કલમ ૬૩, ૮૬ (૧) (બી) અને અન્ય સંલગ્ન જોગવાઈ અન્વયે પીએમ કુસુમ યોજનાના ઘટકસી હેઠળ આરએફએસ નંબર એમજીવીસીએલ/ પ્રોજેક્ટ/ ડીએસએમ/ પીએમ- કુસુમ- સી- એફએલએસ/ ટીએન- ૦૭ તા. ૦૩-૦૧-૨૦૨૪ થી ફીડર લેવલ સોલરાઇઝેશન હેઠળ ટેરિફ આધારીત સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા મારફત પ્રાપ્ત થયેલ ટેરિફ અપનાવવા માટેની ૧૧કેવી ફીડરોના સોલરાઇઝેશન માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ જેમાં ૩૩ સબ સ્ટેશનના કુલ ૭૬ મેગાવોટના પ્રોજેક્ટસનો સમાવેશ થાય છે. આ સંદર્ભમાં તા. ૧૩-૧૨-૨૦૨૪ના રોજ સુનાવણી દરમિયાન માનનીય આયોગના આદેશ મુજબ હિસ્સેદારો (સ્ટેકહોલ્ડર્સ) ને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત પીટીશનમાં કોઇ સુચનો/ વાંધા/ કોમેન્ટ્સ રજુ કરવા ઇચ્છા ધરાવતા હોય તો તેઓએ સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠો માળ, ગીફ્ટ- ૧, રોડ ૫-સી, ઝોન- ૫, ગીફ્ટ સીટી ગાંધીનગર ૩૮૨૩૩૫ ને આ જાહેર સુચનાની તારીખથી ૧૦ દિવસ સુધીમાં આધારિત પુરાવા સહિત સોગંદનામા પર પાંચ કોપીમાં આપવાની રહેશે. સદર સુચનો/ વાંધા/ કોમેન્ટ્સની રજૂઆતની એક નકલ જે તે અરજદારે નિમ્ન લિખિત સરનામા પર પણ મોકલી આપવાની રહેશે. ઉપરોક્ત બાબતમાં રસ ધરાવતા પક્ષકારોને પીટીશનની નકલ મુખ્ય ઇજનેર (પ્રોજેક્ટ) મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, નિગમિત કચેરી, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્ષ, વડોદરા - ૩૯૦૦૦૭ અને અન્ય પીટીશનરોને આપવાની રહેશે. સદર પીટીશનની ઇલેક્ટ્રોનિક નકલ અરજકર્તાની વેબસાઇટ www.mgvcl.com પર ઉપલબ્ધ છે.

તા. ૧૭-૧૨-૨૦૨૪ મુખ્ય ઇજનેર (પ્રોજેક્ટ) એમજીવીસીએલ

સરકારનો નિર્ણય વૈધાનિક જોગવાઈ વિરૂદ્ધનો : હાઈકોર્ટ

અમૂલમાં સરકાર દ્વારા નીમાયેલા ત્રણ પ્રતિનિધિઓની નિમણૂંક હાઈકોર્ટે રદ કરી

અમદાવાદ,શનિવાર

દૂધ ઉત્પાદન ક્ષેત્રમાં મોખરાનું સ્થાન ધરાવતી અમૂલમાં રાજ્ય સરકાર દ્વારા નીમાયેલા ત્રણ પ્રતિનિધિઓ(નોમીની ડિરેક્ટર)ની નિમણૂંક ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ નિખિલ એસ.કેરીયલે એક મહત્વના ચુકાદા મારફતે ગેરકાયદે અને રદબાતલ ઠરાવી છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, સરકાર દ્વારા ત્રણ પ્રતિનિધિઓની નિમણૂંકનો નિર્ણય વૈધાનિક જોગવાઈઓની વિરૂદ્ધનો હોઈ તેને રદબાતલ ઠરાવવામાં આવે છે. હાઈકોર્ટના આ ચુકાદાને પગલે સહકારી ક્ષેત્રના રાજકારણ ચકચાર મચી ગઈ છે, તો બીજીબાજુ, સરકારને હાઈકોર્ટમાંથી મોટો ઝટકો મળ્યો છે.

ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને પગલે રાજ્યના સહકારી ક્ષેત્રના રાજકારણમાં ચકચાર:સરકાર-અમૂલ સુપ્રીમમાં જાય તેવી શક્યતા

જો કે, સરકારપક્ષ તરફથી અને અમૂલ તરફથી આ હુકમ સામે સ્ટેની માંગણી કરાતાં હાઈકોર્ટે આ હુકમની નકલ હાઈકોર્ટના પોર્ટલ પર અપલોડ થાય ત્યારથી આ નિર્ણય ત્રણ સપ્તાહ માટે સ્થગિત કર્યો હતો. આ ત્રણ સપ્તાહ પૂરતા આ નોમીનેટેડ ડિરેક્ટર શરતી રીતે હોદ્દા પર ચાલુ રહી શકશે પરંતુ મેનેજીંગ કમિટિની કોઈ મીટીંગમાં મતદાન નહી કરી શકે કે અન્ય કોઈ મહેનતાણું મેળવવા હકદાર બનશે નહી. સરકાર કે અમૂલ દ્વારા આ સમગ્ર મામલે સુપ્રીમકોર્ટમાં પણ પિટિશન દાખલ કરાય તેવી શક્યતા છે.

ગુજરાત સરકાર દ્વારા અગાઉ તા.૨૬-૩-૨૦૨૩ના નિર્ણયથી અમૂલ ડેરીમાં પોતાના ત્રણ પ્રતિનિધિઓ(સરકારી નોમીની) તરીકે કપડવંજના જયેશ પટેલ, આંકલાવના ગુલાબસિંહ પઢિયાર અને બાલાસિનોરના મહેશ સોલંકીની નિમણૂંક કરી હતી. જો કે, આ સરકારી નોમીની ડિરેક્ટરોની નિમણૂંકની કાયદેસરતાને ખુદ અમૂલ ડેરીના વાઈસ ચેરમેન રાજેન્દ્રસિંહ પરમાર તથા અન્યો દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી.

અરજદારપક્ષ તરફથી રજૂઆત કરાઈ હતી કે, ગુજરાત સરકારે અમૂલ ડેરીમાં માત્ર કૃત્રિમ બહુમતી ઉભી કરવા અને સત્તા હસ્તગત કરવાના ઈરાદાથી તેના ત્રણ સરકારી નોમીની ડિરેક્ટરોને ગેરકાયદે રીતે ડેરીમાં નિમણૂંક આપી છે. વાસ્તવમાં, આ પ્રકારે ડેરીમાં સરકારી નોમીની ડિરેક્ટરોની નિમણૂંક પહેલાં સરકારે કોઈપણ સહકારી મંડળી કે સંસ્થામાં જાહેરહિત સંકળાયેલુ હોવા બાબતે અભિપ્રાય મેળવવો પડે અને મેનેજીંગ કમિટિને પણ વિશ્વાસમાં લેવી પડે પરંતુ તેવી કોઈ પ્રક્રિયા અનુસર્યા સિવાય સરકારના સહકારી રજિસ્ટ્રાર દ્વારા તેમના ત્રણ ડિરેક્ટરોની સીધી નિમણૂંક કરી દીધી છે. જે કલમ-૮૦(૨)ના ભંગ સમાન છે. આમ, સરકાર દ્વારા કાયદાકીય જોગવાઈ અને નિયમોની પ્રક્રિયાનું અનુસરણ કર્યા વિના ઉપરોકત ત્રણ નોમીની ડિરેક્ટરોની નિમણૂંક કરાઈ તે વૈધાનિક જોગવાઈ વિરૂદ્ધની અને ગેરકાયદે ઠરતી હોઈ હાઈકોર્ટે તેને રદ ઠરાવવી જોઈએ.

સામે રાજ્ય સરકાર અને અમૂલ તરફથી બચાવ કરાયો હતો કે, સરકારને આ પ્રકારનો નિર્ણય લેવાની સત્તા અને સ્વતંત્ર અધિકાર છે. જે ડિરેક્ટરોને નિયુક્તિ અપાઈ છે, તેઓનું સહકારક્ષેત્રમાં યોગદાન સહિતના પાસા ધ્યાનમાં લઈને જ નિમણૂંક કરવામાં આવી છે અને સરકારને તેના ત્રણ નોમીની ડિરેક્ટર નીમવાની સત્તા હોઈ આ નિમણૂંક કરવામાં આવી છે. જો કે, હાઈકોર્ટે સરકારપક્ષની દલીલો ફગાવી હતી અને ત્રણેય સરકારી નોમીની ડિરેક્ટરોની નિમણૂંકને ગેરકાયદે અને રદ જાહેર કરી હતી.

રૂા. ૧૩.૮૦ કરોડની કિંમતી ઘડિયાળો લાવનાર

કૌશર-રસિદા ભૂતકાળમાં પણ સ્મગલિંગનો માલ ભારતમાં લાવ્યા હોવાનો ઘટસ્ફોટ

અમદાવાદ, શનિવાર

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી કસ્ટમના અધિકારીઓના હાથે ૧૩.૮૦ કરોડ રૂપિયાની સ્મગલિંગની ઘડિયાળો સાથે ઝડપાયેલાં દંપતિ પેસેન્જર કૌશર કોલ્હાપુરવાલા અને તેની પત્ની રસીદા કોલ્હાપુરવાલા સ્મગલર્સનાં કરીયર તરીકે કામ કરતાં હોવાનું બહાર આવ્યું છે. કસ્ટમ વિભાગે બંનેની ધરપકડ કરી છે અને બંને ભૂતકાળમાં કેટલો સ્મગલિંગનો માલ લાવ્યાં છે તેની તપાસ શરૂ કરી છે.

આ દંપતિ અબુધાબીમાં પરફ્યુમનો બિઝનેસ કરે છે પણ સાથે સાથે સ્મગલિંગ પણ કરે છે. આ કારણે અવારનવાર અમદાવાદ એરપોર્ટ ઉપર આવે છે અને સાથે દાણચોરીનો માલ પણ લેતાં આવતાં હોવાનું બહાર આવ્યું છે.કસ્ટમ વિભાગને કૌશર કોલ્હાપુરવાલા અને તેની પત્ની રસીદા કોલ્હાપુરવાલા પાસેથી રિચર્ડ મિલેની રૂપિ. ૧૨.૫૦ કરોડની અને એડમર્સ પીગેટ રોયલની રૂપિયા ૧.૩૦ કરોડની રિસ્ટ વોચ મળી આવી હતી. કસ્ટમ વિભાગે બંનેની પૂછપરછ કરતાં તેમણે કબલ્યું છે કે, બંને પેસેન્જર કેરિયર તરીકે કામ કરીને કમિશન લેતા હતા.

કોલ્હાપુરવાલા દંપતિએ સ્વીકાર્યું દુબઈમાં રહેતા કૌશરના મામા મુર્તુઝાએ આ ઘડિયાળ અમદાવાદમાં તેમના ઓળખીતાને આપવા માટે કહ્યું હતું. કૌશર કોલ્હાપુરવાલા અને તેની પત્ની રસીદા કોલ્હાપુરવાલા ઘડિયાળ સાથે બહાર નિકળીને માલ પહોંચાડે એ પહેલાં કસ્ટમ વિભાગે બંનેને પકડી લેતા ઘડિયાળ લેવા આવેલો વ્યક્તિ ત્યાંથી નાસી ગયો હતો. આ ઘડિયાળ અમદાવાદના પૂર્વ વિસ્તારમાં રહેતા એક વ્યક્તિએ મંગાવી હતી. હાલ તેની તપાસ ચાલુ છે અને નજીકના દિવસોમાં તેની ધરપકડ કરાશે. કૌશર કોલ્હાપુરવાલા અને તેની પત્ની રસીદા કોલ્હાપુરવાલાએ અગાઉ પણ પેસેન્જર તરીકે આવીને આ રીતે કેરિયર તરીકે કામ કરીને દાણચોરી કરી હોવાનું બહાર આવ્યું છે.

કસ્ટમના અધિકારીઓએ જણાવ્યું કે ગુજરાતમાં બહુ ઓછા લોકો આ પ્રકારની રિસ્ટ વોચ પહેરતા હોય છે એ મોટાભાગે મુંબઈ અને દિલ્હીમાં આવી ઘડિયાળો પહેરવાનો શોખ ધરાવતા લોકોની સંખ્યા વધારે છે તેથી ખરેખર કોણે રિસ્ટ વોચ મંગાવ હતી તેની તપાસ ચાલુ છે.

કસ્ટમ વિભાગે કૌશર કોલ્હાપુરવાલા અને તેની પત્ની રસીદા કોલ્હાપુરવાલાની ધરપકડ પછી પેસેન્જરોના પ્રોફાઈલ ચેક કરીને તેમની પૂછપરછ શરૂ કરી છે. અવારનવાર વિદેશ જતા પેસેન્જરની માહિતી કસ્ટમ વિભાગ પાસે હોય જ છે એટલે હવે કસ્ટમ વિભાગ કોઈપણ પેસેન્જરની પૂછપરછ કરશે અને સંતોષકારક જવાબ નહીં આપે તો તેમનો સામાન ચેક કરીને રેડ ચેનલમાંથી પેસેન્જરને પસાર થવું પડશે

શેલ્બી -નરોડા સામે મૃતકના સ્વજનનો આક્ષેપ

શેલ્બી હોસ્પિટલના ડોકટરોની બેદરકારીથી અમારા સ્વજનનું મૃત્યુ

અમદાવાદ,શનિવાર

ખ્યાતિ હોસ્પિટલમાં બનેલી ઘટના બાદ વિવિધ ખાનગી હોસ્પિટલોમાં PMJAY હેઠળ ગેરરીતિ સામે આવી રહી છે. થોડા સમયઅગાઉ અમદાવાદની બાપુનગરમાં આવેલી કાકડીયા હોસ્પિટલ બાદ હવે નરોડા વિસ્તારમાં આવેલી શેલ્બી હોસ્પિટલ દર્દીની સારવારમાં બેદરકારીને કારણે વિવાદમાં આવી છે.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ૬૨ વર્ષિય ધોહાભાઈ ખાંભલાને પગમાં તકલીફ હોવાથી સાવરકુંડલાના ડોક્ટરે શેલ્બી હોસ્પિટલમાં સારવારની સલાહ આપી હતી. ૧૨ ડિસેમ્બરે તેમનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. પરંતુ મોડી સાંજે તકલીફ થતા તપાસ કરતા ખબર પડી કે પેટની એક નસમાંથી સતત લોહી વહી રહ્યું છે તેથી ફરી રાતે તેમને ઓપરેશન માટે લઈ જવામાં આવ્યા હતા. આ પછી સમસ્યા ઘટવાને બદલે વધવા લાગી. ૩-૪ દિવસ બાદ ડોકટરો દ્વારા તેમના સ્વજનોને એમ કહેવાયું કે લિવર-કિડનીમાં તકલીફ વધી છે અને મગજમાં પણ અસર પહોંચી છે. આ દરમિયાન દર્દીના પીએમજેએવાય કાર્ડની લિમિટ પુરી થઈ ગયું હોવાનું સામે આવ્યું. જેથી પ્રાઈવેટ હોસ્પિટલે કહ્યું કે, 'અમારે ત્યાં સારવાર માટે પૈસા થશે, તેથી તેમને બીજા કોઈ ડોકટર કે હોસ્પિટલ પાસે લઈ જાવ.' પરંતુ સ્વજનોએ નબળી આર્થિક સ્થિતિની રજૂઆત કરતાં ડોક્ટરોએ વધુ રૂપિયાની માગણી હાલ પૂરતી માંડી વાળી અને તેમની સારવાર શરૂ કરાઈ. આ દરમિયાન જ તેમનું મૃત્યુ થતાં સ્વજનોનો આક્ષેપ હતો કે સારવારમાં બેદરકારી દાખવતાં દર્દીનું મૃત્યુ થયું છે.

પગની સારવાર માટે ગયેલા વૃદ્ધ દર્દીના લિવર-કિડની-મગજમાં પણ અસર થઈ ગઈ : સ્વજનો

પશ્ચિમ રેલવે - અમદાવાદ

બિડ આમંત્રણ સૂચના

બિડ/ટેન્ડર નંબર : ELIC/ADI/TRD/EPC/SR/2024-25 તારીખ : 17-12-2024

EPC મોડ પર "[illegible] 66/27 KV ટ્રેક્શન સબ-સ્ટેશનની ડિઝાઈન, સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ" માટે RFP. [illegible] ("ઓથોરિટી") દ્વારા [illegible] PIN-400020, [illegible] એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ એન્ડ કન્સ્ટ્રક્શન ("EPC") [illegible] 66/27 કે.વી. ટ્રેક્શન સબ-સ્ટેશનની ડિઝાઈન, સપ્લાય, [illegible] પ્રોજેક્ટનું સંક્ષિપ્ત વર્ણન નીચે મુજબ છે.

પ્રોજેક્ટનું નામ	TSS ની સં.	અંદાજિત પ્રોજેક્ટ ખર્ચ (રૂપિયામાં):
"[illegible] 66/27 KV ટ્રેક્શન સબ-સ્ટેશનનું સપ્લાય, પરીક્ષણ અને કમિશનિંગ".	સં : 01	13,10,09,917 ([illegible])

સંપૂર્ણ બિડ દસ્તાવેજ [illegible] https://ireps.gov.in [illegible] 18-12-2024 થી 22-01-2025 (15:00 કલાક IST સુધી). [illegible] 22-01-2025 ના રોજ [illegible] 15:00 કલાક IST સુધીમાં https://ireps.gov.in પર [illegible] 30-01-2025 ના રોજ 15:00 કલાક IST પર [illegible] 29-01-2025 ના રોજ IST 15:00 કલાક [illegible] 382345 ગુજરાત, ભારત, પશ્ચિમ રેલવે [illegible] : 9724093350 ઈ-મેલ : [illegible]@gmail.com 89

[illegible] facebook.com/WesternRly [illegible] twitter.com/WesternRly

---

પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ ⇌ ભૂજ વચ્ચે વિન્ટર સુપરફાસ્ટ સ્પેશ્યલ ટ્રેનો દોડાવશે

ટ્રેન નંબર	ઉપડવાના સ્ટેશનથી ગંતવ્ય	સેવાના દિવસો	ઉપડશે	પહોંચશે
09471	બાંદ્રાટર્મિનસ-ભૂજ	23.12.2024 અને 30.12.2024	12.45 કલાક (સોમવાર)	03.30 કલાક (બીજા દિવસે)
09472	ભૂજ-બાંદ્રાટર્મિનસ	22.12.2024 અને 29.12.2024	19.00 કલાક (રવિવાર)	09.45 કલાક (બીજા દિવસે)

હોલ્ટ : બોરીવલી, વાપી, ઉધના, વડોદરા, અમદાવાદ, હળવદ, સમખિયાળી અને ગાંધીધામ સ્ટેશન બન્ને દિશામાં.

સંયોજન : ફસ્ટ એસી, એસી 2- ટાયર, એસી 3- ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચીસ.

ટ્રેન નંબર	ઉપડવાના સ્ટેશનથી ગંતવ્ય	સેવાના દિવસો	ઉપડશે	પહોંચશે
09473	બાંદ્રાટર્મિનસ-ભૂજ	26.12.2024	09.55 કલાક (ગુરૂવાર)	23.30 કલાક (તે જ દિવસે)
09474	ભૂજ-બાંદ્રાટર્મિનસ	25-12-2024	15.50 કલાક (બુધવાર)	04.55 કલાક (બીજા દિવસે)

હોલ્ટ : બોરીવલી, વાપી, ઉધના, સૂરત, વડોદરા, અમદાવાદ, હળવદ, સમખિયાળી અને આદિપુર સ્ટેશન બન્ને દિશામાં.

સંયોજન : એસી 2- ટાયર, એસી 3- ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચીસ.

સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધી વિસ્તૃત માહિતી માટે મહેરબાની કરી www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો

ટ્રેન નં 09471, 9472, 9473 અને 9474 નું બુકિંગ તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખુલ્લું છે. ઉપરોક્ત ટ્રેનો સ્પેશ્યલ ટ્રેનો તરીકે સ્પેશ્યલ ભાડે દોડશે.

પશ્ચિમ રેલવે

www.wr.indianrailways.gov.in

અમને લાઈક કરો : facebook.com/WesternRly

અમને ફોલો કરો : X.com/WesternRly

તમામ રીઝર્વ ટિકીટો સાથે કૃપા કરી અસલ આઈડી પ્રુફ સાથે રાખો

દક્ષીણ ગુજરાત વીજ કંપની લીમીટેડ

CIN:U40102GJ2003SGC042909

ભરૂચ ગ્રામ્ય વિભાગીય કચેરી

મકતમપુર, ઝાડેશ્વર રોડ, ભરૂચ - ૩૯૨૦૧૨

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં :- ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વીજ પુરવઠો બંધ રહેવા

આથી અમારા જંબુસર ગ્રામ્ય/ આમોદ/ દહેજ સબ ડીવીઝનના માનવંતા ગ્રાહકોને તથા જાહેર જનતાને જણાવવાનું કે નીચે જણાવેલા વીજ ફીડરો પર સબડીવીઝન કચેરીનું અગત્યનું સમારકામ હોવાથી તેમાંથી વીજપુરવઠો મેળવતા તમામ વીજગ્રાહકો તેની સામે દર્શાવેલ તારીખે અને સમયે વીજપુરવઠો મળી શકશે નહીં. કામ પુરુ થયેથી બીજી કોઈ પણ જાતની જાણ કર્યા સિવાય વીજપુરવઠો શરૂ કરવામાં આવશે, જેની જાહેર જનતાને ખાસ નોંધ લેવા વિનંતી છે.

ક્રમ	સબસ્ટેશન	ફીડર	સબ-ડીવિઝન	ફોલ્ટ સેન્ટર નં	તારીખ/વાર	સમય
૧	૬૬ કે.વી આમોદ	૧૧ કેવી રોધ	આમોદ	૯૯૮૦૮૦૩૯૧૯	૨૪-૧૨-૨૦૨૪ / મંગળવાર	૦૯:૦૦ થી ૧૮:૦૦
૨	૬૬ કેવી દુર્બન	૧૧ કેવી મુવા	આમોદ	૯૯૮૦૮૦૩૯૧૯	૨૬-૧૨-૨૦૨૪ / ગુરૂવાર	૦૯:૦૦ થી ૧૮:૦૦
૩	૬૬ કેવી છીદ્રા	૧૧ કેવી કાવી	જંબુસર ગ્રામ્ય	૯૯૮૦૮૦૩૯૧૮	૨૬-૧૨-૨૦૨૪ / ગુરૂવાર	૦૯:૦૦ થી ૧૮:૦૦
૪	૬૬ કેવી કરમાડ	૧૧ કેવી કઢાનવા	જંબુસર ગ્રામ્ય	૯૯૮૦૮૦૩૯૧૮	૨૭-૧૨-૨૦૨૪ / શુક્રવાર	૦૯:૦૦ થી ૧૮:૦૦
૫	૬૬ કેવી વડદલા	૧૧ કેવી શિવ ૧૧ કેવી અદાણીહ	દહેજ	૮૭૫૮૩૩૮૨૧૪	૨૪-૧૨-૨૦૨૪ / મંગળવાર	૦૯:૦૦ થી ૧૮:૦૦
૬	૬૬ કેવી સંભેટી	૧૧ કેવી મારૂતિ (પીપીલાઈટ ટેપ લાઈન)	દહેજ	૮૭૫૮૩૩૮૨૧૪	૨૪-૧૨-૨૦૨૪ / મંગળવાર	૦૯:૦૦ થી ૧૮:૦૦
૭	૬૬ કેવી જોલવા	૧૧ કેવી મઝીરે	દહેજ	૮૭૫૮૩૩૮૨૧૪	૨૬-૧૨-૨૦૨૪ / ગુરૂવાર	૦૯:૦૦ થી ૧૮:૦૦
૮	૬૬ કેવી સંભેટી	૧૧ કેવી એવરેસ્ટ	દહેજ	૮૭૫૮૩૩૮૨૧૪	૨૬-૧૨-૨૦૨૪ / ગુરૂવાર	૦૯:૦૦ થી ૧૮:૦૦
૯	૬૬ કેવી જોલવા	૧૧ કેવી આશર ૧૧ કેવી એક્ટીવ ફાર્મા	દહેજ	૮૭૫૮૩૩૮૨૧૪	૨૭-૧૨-૨૦૨૪ / શુક્રવાર	૦૯:૦૦ થી ૧૮:૦૦
૧૦	૨૨૦ કેવી અંભેટા	૧૧ કેવી પાયોનીર	દહેજ	૮૭૫૮૩૩૮૨૧૪	૨૮-૧૨-૨૦૨૪ / શનિવાર	૦૯:૦૦ થી ૧૮:૦૦

કાર્યપાલક ઈજનેર(સં. અને નિ.), ગ્રામ્ય વિભાગીય કચેરી, ભરૂચ દ.ગુ.વી.કં.લી.

એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

પશ્ચિમ રેલવે, અમદાવાદ

FB વેલ્ડ સાંધાનું ટેસ્ટ કરી [illegible]

અલ્ટ્રાસોનિક પરીક્ષણ (PAUT)

[illegible] ડેપ્યુટી ચીફ એન્જિનિયર ([illegible]) III, પશ્ચિમ રેલવે, અમદાવાદ, નીચે મુજબ ટેન્ડર નોટિસ જારી કરે છે. ટેન્ડર નં : Dy.CE(C)/III/ADI/PAUT/01 (1) કામનું નામ અને સ્થળ : પશ્ચિમ રેલવેના મુખ્ય વહીવટી અધિકારી (C)-II-અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળની વિવિધ નવી લાઈન, ગેજ કન્વર્ઝન અને ડબલિંગ પ્રોજેક્ટ્સમાં [illegible] RDSO માન્યતાપ્રાપ્ત PAUT ટેસ્ટ [illegible] FB [illegible] ફેઝ્ડ એરે અલ્ટ્રાસોનિક પરીક્ષણ (PAUT). (2) કામની અંદાજિત કિંમત: ₹ 1,28,49,866.00 (3) જમા કરાવવાની અર્નેસ્ટ મની : ₹2,13,300.00 (4) પૂર્ણતાનો સમયગાળો : 36 (છત્રીસ) મહિના (5) બિડ સબમિશનની છેલ્લી તારીખ : 08-01-2025 ના 15.00 કલાકે (6) ખુલવાની તારીખ : 08-01-2025 ના 15.30 કલાકે (7) ટેન્ડર પ્રિકાર : [illegible] (8) [illegible] (9) [illegible] : ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ) III ની ઓફિસ, પશ્ચિમ રેલવે, 2જો માળ, નિર્માણ ભવન, GCS હોસ્પિટલની સામે, અસારવા, અમદાવાદ. વેબસાઈટ : www.ireps.gov.in 90

[illegible]

ઓન લાઈન ટેન્ડરીંગ
માર્ગ અને મકાન વિભાગ
જાહેર નિવિદા - ૨૧ સને : ૨૦૨૪-૨૫
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા - ૩૮૯૦૦૧ જિ.પંચમહાલ ફોન નં. (૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી રીસરફેસીંગ રોડના એક કામ માટે ઓન લાઈન ટેન્ડર એસબીડી ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂ.૩૪૮.૮૯ લાખ સુધીની છે.

પ્રસ્તુત કામ માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઈટ https://tender.nprocure.com પર તા.૩૦.૧૨.૨૪, ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે તથા ટેન્ડર સબમીશનની તા.૩૦.૧૨.૨૪, ૧૮:૦૦ કલાક સુધી રહેશે. જ્યારે કામના ઓન લાઈન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટસ ઈજારદારશ્રીએ રજી.પો.એ.ડી./ સ્પીડ પોસ્ટથી તા.૩૦.૧૨.૨૪થી તા.૭.૧.૨૫ નાં રોજ સાંજના ૧૮:૦૦ કલાક સુધી મોકલવાનાં રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાધવા વિનંતી.

(માહિતી/ગોધરા/૬૧૯/૨૪)

બાગાયત ખાતુ, ગુજરાત રાજ્ય.
સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર હોર્ટીકલ્ચર, ખાંડીવાવ, તા.-જાંબુઘોડા, જિ.-પંચમહાલ.
E-Auction નોટીસ (ઓનલાઇન)

નાયબ બાગાયત નિયામકશ્રી, ગોધરા, જિ. પંચમહાલ હસ્તક સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર હોર્ટીકલ્ચર, ખાંડીવાવ, તા. જાંબુઘોડા, જિ. પંચમહાલ. ખાતે આવેલ પંચરાઉ તથા અનામત વૃક્ષોના જડ-મૂળ થી નિકાલ કરવા માટે ઈ-ઓકશન કરવામાં આવનાર છે. ઈ-ઓકશનની વિગત : GeM પોર્ટલ વેબસાઈટ https://forwardauction.gem.gov.in/eprocure/home પર ઓકશન આઈ ડી (ID) – 17179 માં જોઈ શકાશે. EMD ડિમાન્ડ ડ્રાફ્ટ Rs. 37250/- ની સોફ્ટ કોપી ઓનલાઈન અને હાર્ડ કોપી નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, ગોધરા ખાતે જમા કરવાની રહેશે. તા. 29/12/2024 પહેલા ઓનલાઈન ટેન્ડર ભરી શકાશે. ઈ-ઓકશન સમય તા. 30/12/2024 10:30 કલાકથી તા. 31/12/2024 14:00 કલાક સુધી રહેશે.

નોંધ- કામની વિગતો અને નિયમો ઉક્ત વેબ સાઈટ પર તા. 29/12/2024 સુધી જોવા મળશે.

પ્રોજેક્ટ ઓફીસર
સી.ઓ.ઇ., ખાંડીવાવ

નાયબ બાગાયત નિયામક
ગોધરા, જિ. પંચમહાલ

(માહિતી/ગોધરા/૭૧૭/૨૦૨૪)

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

જાહેરાત ક્રમાંક ૧૪૪/૨૦-૨૧ સંદર્ભે ભરતી જાહેરાત અંગે જાહેર સૂચના

વડોદરા મહાનગરપાલિકામાં જાહેરાત ક્રમાંક ૧૪૪/૨૦-૨૧ અન્વયે V304-Executive Engineer (Electrical) તથા V305 Executive Engineer (Mechanical) ની જગ્યા માટે ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી તા. ૧૮-૧૨-૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ. પ્રમાણપત્રોની ચકાસણીના અંતે ગ્રાહ્ય રાખવા પાત્ર તથા ગ્રાહ્ય ન રાખવા પાત્ર ઉમેદવારોની યાદી વડોદરા મહાનગરપાલિકાની વેબસાઈટ www.vmc.gov.in પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. રિજેક્ટ થયેલ ઉમેદવાર તા.૨૮/૧૨/૨૦૨૪ સુધીમાં વાંધા અરજી રજૂ કરી શકશે. ત્યાર બાદ કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ, જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી.

પી.આર.ઓ.નંબર:૮૦૧/૨૪-૨૫

કેતન. પી. જોષી (GAS)
ડે.મ્યુનિ. કમિશનર (વહીવટ)

ગુજરાત ઓલિમ્પિક પ્લાનિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (GOLYMPIC)

ગુજરાત ઓલિમ્પિક પ્લાનિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (GOLYMPIC) દ્વારા Appointment of Project Management Consultancy (PMC) for development of SVP Enclave and Karai Sports Hub માટેનું (nProcure Tender ID - 140026) પર ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તા.૩૧/૦૧/૨૦૨૫, ૧૬-૦૦ કલાક સુધી રહેશે તથા ફિઝીકલ ટેન્ડર ફી ભરવાની છેલ્લી તા.૩૧/૦૧/૨૦૨૫, ૧૬-૦૦ કલાક સુધી રહેશે.

સ્થળ:
ઓલિમ્પિક
વહીવટી બિલ્ડીંગ, સેક્ટર-૧૩-બી,
મ-૩, સર્કલ નજીક, વાવોલ રેલ્વે ક્રોસીંગ પાસે,
EVM વેર હાઉસ કચેરીની બાજુમાં, ગાંધીનગર. પીન કોડ - ૩૮૨૦૧૬
તા.૨૧/૧૨/૨૦૨૪
માહિતી/૧૮૧૯/૨૦૨૪-૨૫

જનરલ મેનેજર-આયોજન અને સંકલન ઓલિમ્પિક

જાહેર નિવિદા નં : ૦૫ સને૨૦૨૪-૨૦૨૫

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, જીલ્લા (માર્ગ) પેટા વિભાગ નં.૨, "સુપ્રભાત બંગ્લોઝ" હોટલ વેલકમની પાછળ, અલકાપુરી, વડોદરા - ૩૯૦૦૦૭ દ્વારા અત્રેના કાર્યક્ષેત્ર હેઠળના સબ રજીસ્ટ્રાર ઓફિસ સાવલી તથા વાઘોડિયા માટે સ્ટોરવેલ તથા એફ.આર.પી ઘટરના ૦૨ કામની કામગીરી કરવાની હોય, જેની અંદાજીત કિંમત રૂ.૮૨.૮૧૯/- તથા રૂ. ૮૪.૮૪૦/- હજાર છે. આ પ્રકારની કામગીરી માટે ઈજારદારશ્રીઓ/ઇસમો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

કોરા ભાવપત્રકો અત્રેની કચેરીએ તા : ૨૬/૧૨/૨૦૨૪ સુધી બપોરના ૧૬.૦૦ કલાક સુધીમાં આપવામાં આવશે. અને આર.પી.એ.ડી / સ્પીડ પોસ્ટ થી ભરાયેલ ભાવ પત્રકો અત્રેની કચેરીએ તા : ૦૬/૦૧/૨૦૨૫ સુધી સાંજના ૧૬.૦૦ કલાક સુધીમાં પરત સ્વીકારવામાં આવશે. ઈજારદારશ્રીઓએ ભાવપત્રકોની માંગણી વખતે રજુ કરવાના તમામ દસ્તાવેજ અસલમાં ખરાઈ માટે રજુ કરવાના રહેશે. પ્રસ્તુત કામની વધુ વિગત અત્રેની કચેરીથી મળી શકશે.

(માહિતી-વડો-૧૦૮૯-૨૪-૨૫)
(સુ.૧૦૮૫)

ઓનલાઇન ટેન્ડરીંગ

નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

ટુંકી મુદતની "૭" પ્રોક્યોરમેન્ટ નોટીસ નં. "૦૮"

સને ૨૦૨૪-૨૫

ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ સિંચાઈ વિભાગ, ૨/૩૫, જીલ્લા સેવા સદન-૨, બીજો માળ કલેકટર કચેરી કમ્પાઉન્ડ, ગોધરા-૩૮૯૦૦૧ જી.પંચમહાલ, ફોન નં.(૦૨૬૭૨) ૨૪૧૯૯૩ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી જુદા જુદા ૩(ત્રણ) કામો માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ.૧૯.૪૨ લાખ થી રૂ.૧૯.૫૨ લાખ સુધીની છે.

ઓનલાઈન ટેન્ડર ડોક્યુમેન્ટ વેબ સાઈટ http://tender.nprocure.com પર તા.૨૭/૧૨/૨૦૨૪, ૧૮-૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે.

જ્યારે કામના ઓનલાઈન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટ તા.૨૭/૧૨/૨૦૨૪ થી તા.૦૩/૦૧/૨૦૨૫ ના રોજ સાંજના ૧૮-૦૦ કલાક સુધી રજી.પોસ્ટ એ.ડી.થી મોકલવાના રહેશે.

વધુ વિગતો માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાધવો.

(માહિતી/ગોધરા/૭૧૫/૨૪)

ટાઈટલ કલીયરન્સ અંગે જાહેર નોટીસ

અમો નીચે સહી કરનાર, ભુપેન્દ્ર આર. ગુપ્તા (એડવોકેટ), તે મારા અસીલની સુચના અને કહેવાથી આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવી જણાવીએ છીએ કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ વડોદરા, તાલુકો કરજણના મોજે ગામ કુરાલીના

બ્લોક/સર્વે નં.	જુનો બ્લોક/સર્વે નં.	ખાતા નં.	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)	સત્તા પ્રકાર
૫૮૯	૩૬૫	૬૭૭	૦-૫૫-૫૫	બીનખેતી પ્ર.પાત્ર

ઉપરોક્ત જણાવેલ મિલકત કે મિલકતના માલિક નીચે સહીના ખાસ તે મનહરલાલ કલ્યાણજી પુત્રી નામોએ સદર મિલકતના ટાઈટલ ચોખ્ખા, ક્લીયર અને માર્કેટેબલ છે તેવું જણાવી અમારી પાસેથી ટાઈટલ, ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. જેથી ઉપરોક્ત જણાવેલ જમીન અંગે કોઈપણ વ્યક્તિ, સંસ્થા, બેન્ક, પેઢી કે કોઈ કંપનીની કોઈપણ જાતનો લાગ, ભાગ, હક્ક, હીત હિસ્સો સબંધ કે દાવો અગાઉથી કે લીધન કે ગ્રહેણીયા તરીકેનો હક્ક સમાયેલા હોયતો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૧૦ માં નીચે જણાવેલ સરનામે લેખીત વાંધા પુરાવા સહિં મોકલી આપવા, મુદત અંદર કોઈના પણ વાંધા નહી આવેતો ઉપરોક્ત જમીન અંગે પોતાના હક્ક જતા કરેલા છે તેમ માની અમો સદરહુ જમીનોના ટાઈટલ ક્લીયર સર્ટીફિકેટ આપીશુ અને ત્યાર બાદ કોઈના વાંધા કે તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની જાહેર જનતા એ નોંધ લેવી. તા.૨૧/૧૨/૨૦૨૪, મુ. વડોદરા.

ઓફિસ : એ/૩, વિશ્વામિત્રી
ટાઉનશીપ, વિશ્વામિત્રી ઓવર બ્રીજ
પાસે, ગુજરાત ટ્રેક્ટર સામે, માંજલપુર.
વડોદરા. મો. ૯૯૨૫૦૧૦૪૫૫

સહીના અસીલ વતી મારફતે

ભુપેન્દ્ર આર. ગુપ્તા
(એડવોકેટ)

જાહેર નોટીસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ વડોદરા, સબ ડીસ્ટ્રીક્ટ પાદરાના મોજે ગામ પાટોદ ની સીમના (૧) બ્લોક નં. ૫૩૫ (જુના રે. સર્વે નં. ૫૭૧/૪) જેનું ક્ષેત્રફળ ૦-૪૨-૮૧ હે. આરે./ચો. મી. તથા (૨) બ્લોક નં. ૫૩૬ (જુના રે. સર્વે નં. ૫૭૧/૨ તથા ૫૭૧/૫) જેનું ક્ષેત્રફળ ૦-૫૬-૬૮ હે. આરે/ચો. મી. વાળી જુની શરતની ખેતીની જમીનો આવેલી છે અને તેના તમામ સહ માલીકો વચ્ચે થયેલ કૌટુંબીક વહેંચણ લેખના આધારે પંકજકુમાર ભગવાનદાસ પટેલ સ્વતંત્ર માલીક કબજેદાર બનેલા છે અને તેઓએ વિપુલકુમાર અરૂણભાઈ સોઢા ને વેચાણ આપવાનું નક્કી કરી તેમની તરફેણમાં કરાર કરી આપેલ છે અને અમારી પાસ ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. આ નોટીસ આપી જણાવવાનું કે, ઉપરોક્ત મિલકતો માં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત સંબંધ હોય તો તેઓએ તેમના લેખીત વાંધા પુરાવા સહિત દિન-૧૦ માં અમોને મોકલી આપવા. જો તેમ કરવામાં નહીં આવે તો સદર મિલકતોમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હીત, સંબંધ નહીં હોવાનું અને જો હોય તો તે જતા કરેલા છે તેવું માની તેમજ સદર મિલકતના ટાઈટલ ક્લીયર હોવાનું સમજી તે અંગેનું સર્ટીફિકેટ આપવામાં આવશે તેની નોંધ લેશો. તા. ૨૧-૧૨-૨૦૨૪, વડોદરા

કે. એ/૩૦૧, નિલાંબર ઓર્નેટ, ગિયા
હેકીઝ પાસે, ભાયલી, વડોદરા-૩૯૧૪૧૦.
મોબાઈલ : ૯૯૭૯૫ ૪૦૦૦૫

નિલાંગ જે. પટેલ
એડવોકેટ

મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, સરદાર પટેલ વિદ્યુત ભવન
રેસકોર્ષ, વડોદરા-૩૯૦ ૦૦૭
CIN:U40102GJ2003SGC042907

જાહેર વિજ્ઞપ્તિ

માનનીય ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જીઈઆરસી), ગાંધીનગર સમક્ષ રજુ કરેલ પીટીશન અરજી નં. ૨૪૦૭/૨૦૨૪ બાબતમાં

માનનીય ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, ગાંધીનગર સમક્ષ નિમ્ન લિખિત સંદર્ભમાં અરજદાર મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા વીજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૬૩, ૮૬(૧)(બ) અને અન્ય સંલગ્ન જોગવાઈ અન્વયે પીએમ કુસુમ યોજનાના ઘટકસી હેઠળ આરએફએસ નંબર એમજીવીસીએલ / પ્રોજેક્ટ / ડીએસએમ / પીએમ-કુસુમ-સી-એફએલએસ/ટીએન-૦૭ તા.૦૩/૦૧/૨૦૨૪ થી ફીડર લેવલ સોલારાઈઝેશન હેઠળ ટેરિફ આધારિત સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા મારફત પ્રાપ્ત થયેલ ટેરિફ અપનાવવા માટે ૧૧કેવી ફીડરોના સોલરાઈઝેશન માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ જેમાં ૩૩ સબસ્ટેશનના કુલ ૭૧ મેગાવોટના પ્રોજેક્ટસનો સમાવેશ થાય છે. આ સંદર્ભમાં તા.૧૭.૧૨.૨૦૨૪ના રોજ સુનાવણી દરમિયાન, માનનીય આયોગના આદેશ મુજબ હિસ્સેદારો (સ્ટેકહોલ્ડર્સ) ને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત પીટીશનમાં કોઈ સુચનો/વાંધા/કોમેન્ટ્સ રજુ કરવા ઈચ્છા ધરાવતા હોય તો તેઓએ સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠ્ઠો માળ, ગીફ્ટ-૧, રોડ ૫-સી, ઝોન ૫, ગીફ્ટ સીટી ગાંધીનગર ૩૮૨૩૫૫ ને આ જાહેર સુચનાની તારીખથી ૭ દિવસ સુધીમાં આધારિત પુરાવા સહીત સોગંદનામાં ચાર પ્રત કોપીમાં આપવાની રહેશે. સદર સુચનો/વાંધા/કોમેન્ટ્સની રજૂઆતની એક નકલ જે તે અરજદારે નિમ્ન લિખિત સરનામા પર પણ મોકલી આપવાની રહેશે. ઉપરોક્ત બાબતમાં રસ ધરાવતા પક્ષકારોને પીટીશનની નકલ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ), મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, નિગમ કચેરી, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્ષ, વડોદરા-૩૯૦૦૦૭ અને અન્ય પીટીશનરોને આપવાની રહેશે. સદર પીટીશનની ઈલેક્ટ્રોનિક નકલ અરજકર્તાની વેબસાઈટ www.mgvcl.com પર ઉપલબ્ધ છે.

તા. ૧૭.૧૨.૨૦૨૪

મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ), એમ જીવીસીએલ

ટાઈટલ કલીયરન્સ અંગે જાહેર નોટીસ

આથી હાલની જાહેર નોટીસ આપી તમામને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ વડોદરા, સબ-ડીસ્ટ્રીક્ટ વડોદરાના મોજે ગામ ભાયલી, બ્લોક નં. ૧૩૪૭, જુનો સર્વે નં.૨૨૨૦, અને બ્લોક નં.૧૩૪૮, જુની સર્વે ૨૨૨૧, ટી.પી. સ્કીમ નં. ૨૪/બી, ફા. પ્લોટ નં. ૧૨૭ અને ૧૩૧, વાળી જમીનનું ફાઈનલ પ્લોટ મુજબનું માપ ૭૩૩૪.૦૦ ચોરસ મીટર વાળી બિનખેતીની જમીનોના માલીક શ્રી કૃષ્ણધામ ઈન્ફ્રા એ નામની ભાગીદાર પેઢી છે. આથી સદરહું જમીનોના માલીકો એ સદરહું જમીનનું ટાઈટલ ક્લિયરન્સ સર્ટીફિકેટ અમારી પાસેથી માંગેલ છે. જેથી સદરહું જમીન ઉપર જે કોઈની પણ લાગ, ભાગ, હક્ક, હિત હિસ્સો, સબંધ, અધિકાર, તેમજ બીજો કરાર, દાવા-દુવી કરેલ હોય, કોર્ટ મેટર કરેલ હોય અથવા કોઈપણ જાતનો બોજો ઉત્પન્ન થયેલ હોય તો તમામ વ્યક્તિ, પેઢી, સંસ્થા, બેન્ક, નાણાંકીય નિગમ વિગેરે નામોએ તેમના હક્ક દાવા બાબતે દસ્તાવેજી પુરાવા સહિત દીન-૭ માં અમોને લેખીત વાંધા તથા પુરાવા રજુ ખાત્રી કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો સદરહું જમીનનું ટાઈટલ ક્લિયરન્સ સર્ટીફિકેટ આપીશું અને ત્યાર બાદ કોઈની કોઈ પણ તકરાર ચાલશે નહીં. જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ:વડોદરા
તારીખ:૨૨.૧૨.૨૦૨૪

દેવાંગ એમ.ગોસલીયા-એડવોકેટ

ઓફિસ :બ્લોક નં-૦૪, ગીરીરાજ એપાર્ટમેન્ટ, અંબેલ સુપર માર્કેટ સામે, ઉર્મી ચાર રસ્તા, અકોટા, વડોદરા. મો:૯૮૭૩૬૮૪૫૬૪

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે મોજે તરસાલી ની બીનખેતીની જમીન તેમની માલીકી કબજા ભોગવટાની તથા બોજામુક્ત હોવાનું જણાવી અમારી પાસેથી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરી છે. તેથી સદરહુ જમીન/મિલકતમાં જે કોઈનો પણ લાગ, ભાગ, હક્ક, અધિકાર હોય તે તમામ વ્યક્તિ, પેઢી, સંસ્થા, બેન્ક, નાણાંકીય નિગમ વિગેરેઓએ તેમના હક્ક દાવા બાબતે દસ્તાવેજી પુરાવા સહિત દિન-૭ માં અમોને લેખીત જાણ કરવી. નોટીસની મુદત વિતે કોઈ વાંધા તકરાર નહી આવે અમારા અસીલને ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે. ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહી તેની સ્પષ્ટ નોંધ લેવી.

નામ	સર્વે/બ્લોક નં.	ટી.પી.નં.	એફ.પી.નં.	ક્ષેત્રફળ ચો.મી.
હરીકૃષ્ણ હોમ્સ	૭૮૮	૫૨	૧૮૫	૩૭૨૬
નવ્યા ઈન્ફ્રા	૮૦૭	૫૨	૨૦૪/૧	૪૨૦૮

વડોદરા. તા.૨૧/૧૨/૨૦૨૪
'સાગર'
સી.૧૦૫, શ્રીપાદનગર સોસાયટી,
VIP રોડ, કારેલીબાગ,વડોદરા.

અસીલના વતી મારફતે

મુકેશ બી. શાહ (એડવોકેટ) મો : ૯૮૨૪૨૯૧૭૦૫

ઋતુજા કાપડીયા (એડવોકેટ) મો : ૯૭૨૭૨૩૩૨૨૬

જાહેર નોટીસ

આથી અમો એડવોકેટ દીલીપ. બી. દેસાઈ, ઓફિસ.૧૧૧ [illegible], પાદરા, જણાવીએ છીએ કે મોજે. ડીંકરવાળા તા.વાઘોડીયા. જી વડોદરા ની હદમાં આવતા નંબર. ૨૪૦ જૂનો રે.સ.નં. ૧૬/૨/[illegible] નવો રે.સ.નં. ૩૦ જેનુ ક્ષેત્રફળ ૭-૭૪-૭૧ [illegible] પૈકી [illegible] ૨-૮૮-૭૧ વાળી ખેતીની જમીન ના માલીક (૧) જયસ્વાલ વિજયકુમાર હરિલાલ (૨) જયસ્વાલ શકુંતલાબેન મહતમાઈ (૩) જયસ્વાલ વર્ષાબેન મહતમાઈ (૪) જયસ્વાલ સીમાબેન મહતમાઈ (૫) જયસ્વાલ મીનાબેન મહતમાઈ (૬) જયસ્વાલ વિજયકુમાર મહતમાઈ વિગેરે નામોના નામ રેવન્યુ રેકર્ડમાં ચાલે છે તેઓના હિસ્સા પુરતી ખેતીની જમીન અમારા અસીલ વેચાણ લેવામાં માંગે છે આથી સદર ખેતીની જમીન બાબતે અમારા અસીલે અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. આથી ઉપરોક્ત જમીન બાબતે કોઈપણ વ્યક્તિ, સંસ્થા, પેઢી, કે બેંકનો કોઈ પણ પ્રકાર નો લાગ ભાગ હક્ક, હીસ્સો, બોજો કે લીયન બીજો બોજીય હોય તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમારા સરનામે દસ્તાવેજી પુરાવા સહીત લેખીત વાંધા મોકલી આપવા મુદત માં વાંધા આવશે નહીં અથવા આવેલ વાંધા માં કોઈ તથ્ય જણાશે નહીં તો મુદત વિતેથી અમારા અસીલ ને ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે. પાછળ થી કોઈની તકરાર ચાલશે નહી તેની નોંધ લેવી

સરનામુ ૪, એ. તરૂપોલ,
ગુલાબવાડી ચકલા, બાજીર
પાદરા. મો ૯૮૬૨૫૦૦૮૯૧

દીલીપ બી. દેસાઈ એડવોકેટ

-: જાહેર નોટીસ :- તા.૨૨/૧૨/૨૦૨૪

વડોદરા જીલ્લાના વાઘોડીયા તાલુકાના મોજે ગામ ખંડીવાડાના ખાતા નં.૩૭૪ માં જણાવેલ રેવન્યુ સર્વે નં.૨૧૯ (જુનો રે.સ.નં.૩૦/૧/પૈકી ૧), હેક્ટર ૦-૭૨-૪૬ વાળી ખેતીવિષયક જુની શરતની જમીન તેના માલીક પ્રભાતભાઈ મોતીભાઈ પરમાર, રહેવાસી.ખંડીવાડા, તા.વાઘોડીયા, જી.વડોદરાનાએ તેમની પોતાની સ્વતંત્ર માલીકીની અને કબજા ભોગવટાની હોવાનું જણાવીને તે જમીન અમારા અસીલને વેચાણ આપવા માંગે છે. તેથી અમારા અસીલે અમારી પાસેથી ઉપરોક્ત જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરી છે. તેથી ઉપરોક્ત જમીનમાં અગર તો તેના કોઈપણ ભાગ સંબંધી અન્ય કોઈપણ વ્યક્તિ, સંસ્થા અગર તો રાષ્ટ્રીયકૃત, ખાનગી અગર સહકારી બેંક, મંડળી, વગેરેનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, બોજો, કબજો ભોગવટો, ખેડહક્ક, હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)માં અમારા નીચે જણાવેલ સરનામે લેખીત પુરાવા સાથે વાંધાઓ રજુ કરવા.

જો તેમ નહી કરવામાં આવે તો મુદત વીત્યે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપી દેવામાં આવશે. ત્યારબાદ આવેલા વાંધાઓ, તકરારને ધ્યાનમાં લેવામાં આવશે નહી તેની જાહેર જનતાએ નોંધ લેવી.

ફોન નં. ૯૯૯૮૫૨૨૩૫૬
જીતેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ સોલંકી, (એડવોકેટ)
ઓફિસ : મામલતદાર ઓફિસ સામે, કણજરી રોડ,
મુ.પો. હાલોલ-૩૮૯ ૩૫૦, તા.હાલોલ, જી.પંચમહાલ

(જે.એલ. સોલંકી)
એડવોકેટ- નોટરી
અસીલની સુચનાથી

બાંગ્લાદેશમાં

(પહેલા પાનાનું ચાલુ)

સત્તામાંથી ઉખેડી ફેંક્યા બાદ કટ્ટરવાદીઓ હિન્દુઓ પર બેફામ હુમલા કરી રહ્યા છે. હુમલાનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે છતા પણ ભારતનો બાંગ્લાદેશ સાથેનો વેપાર યથાવત છે. બાંગ્લાદેશ પોતાની મોટાભાગની દૈનિક જરૂરિયાતો માટે ભારત જ નિર્ભર છે. ભારતનો કપાસ, અનાજ, ખાંડ, ઇલેક્ટ્રિક વસ્તુઓ, સ્ટીલ અને અન્ય વસ્તુઓ બાંગ્લાદેશ આયાત કરે છે. બાંગ્લાદેશની ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રી દેશના જીડીપીનો ૧૧ ટકા હિસ્સો ધરાવે છે. આ ઇન્ડસ્ટ્રી ભારતીય કપાસ પર નિર્ભર છે. હિન્દુઓ પર આટલા હુમલા વચ્ચે પણ બન્ને દેશો વચ્ચેનો વેપાર યથાવત છે. ભારત તરફથી વેપાર અટકાવવા મુદ્દે હજુસુધી કોઇ જ પગલુ લેવાની જાહેરાત કરવામાં નથી આવી. અગાઉ જ્યારે પાકિસ્તાન સાથે વિવાદો થતા હતા ત્યારે ભારતે વેપારને અનેક વખત અટકાવ્યો છે. જોકે બાંગ્લાદેશના મામલામાં હજુસુધી આવો કોઇ નિર્ણય લેવામાં નથી આવ્યો.

બીજી તરફ કોલકાતા ઇસ્કોનના પ્રવક્તા રાધારમણ દાસે ટ્વીટર પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો અને દાવો કર્યો હતો કે નાટોરેમાં હિન્દુ મંદિર પર હુમલો કરીને ખુલ્લેઆમ લૂંટ ચલાવાઇ હતી, મંદિરના પુજારી તરુણ ચંદ્ર દાસની ઘાતકી રીતે હત્યા કરી દેવામાં આવી હતી. તેના હાથપગ બાંધેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો.

જે પરથી સાબિત થાય છે કે પુજારીની હત્યા કરવામાં આવી તે પહેલા તેને ખૂબ યાતના આપવામાં આવી હશે. અન્ય એક પુજારીએ રોષ ઠાલવતા કહ્યું હતું કે હિન્દુઓ સામેની હિંસાનું પ્રમાણ એટલી હદે વધી ગયું છે કે હવે માત્ર વાતચીત કરવાથી તેનો ઉકેલ નહીં આવે. હુમલા વચ્ચે બાંગ્લાદેશની વચગાળાની સરકારના કમિશને એક ભારત વિરોધી રિપોર્ટ તૈયાર કર્યો છે. જેમાં દાવો કરવામાં આવ્યો છે કે શેખ હસીનાના એવા અનેક વિરોધીઓ છે કે જેઓને ભારતીય જેલોમાં કેદ કરવાની શંકા છે. બાંગ્લાદેશના અનેક નાગરિકો હજુ પણ ભારતીય જેલોમાં કેદ હોઇ શકે છે. શેખ હસીના જ્યારે સત્તામાં હતા ત્યારે તેમના વિરોધીઓને બાંગ્લાદેશમાંથી ઉઠાવીને ભારત લઇ જવાતા હતા જ્યાં જેલોમાં કેદ કરી લેવાતા હતા. આવા કેટલાક બાંગ્લાદેશીઓ હજુ પણ ભારતની જેલોમાં કેદ હોઇ શકે છે.

બાંગ્લાદેશ ૯૦ ટકા ભારત પર નિર્ભર, જીડીપીમાં ૧૧ ટકા હિસ્સો ધરાવતી ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી ભારતીય કપાસ પર ચાલે છે

એક સમયે હિન્દુઓનો દેશ ગણાતા બાંગ્લાદેશને કટ્ટરવાદી જેહાદીઓએ બાનમાં લીધો : લેખિકા તસલીમા નસરીન ભડક્યા

મોદી સરકારે બાંગ્લાદેશને બટાકા-ડુંગળી મોકલી મદદ કરી

બાંગ્લાદેશમાં હિંદુઓ પરના હુમલા વચ્ચે ભારતે બાંગ્લાદેશને ૪૬૮ ટન બટાકા મોકલીને મદદ કરતાં આક્રોશ વધ્યો છે. ભારતથી મોકલાયેલા બટાકાનું શિપમેન્ટ ગયા ગુરુવારે સાંજે બાંગ્લાદેશના જેસોર જિલ્લાના બેનાપોલ રેલ્વે સ્ટેશન પર પહોંચી ગયું હતું. બાંગ્લાદેશ દ્વારા ભારતમાંથી જે ૮.૫૯ કરોડ રૂપિયાની કિંમતની ૯,૪૬૦ બોરી બટાકાની આયાત કરવામાં આવી છે તે ચાપાઈનવાબગંજ, રાજશાહીના આતિક એક્સપોર્ટર્સ દ્વારા પશ્ચિમ બંગાળના માલદામાંથી ટ્રેનમાં ચડાવાઈ હતી અને ટાટા ટ્રેડર્સ દ્વારા બાંગ્લાદેશ મોકલવામાં આવી હતી. ગુડ્ઝ ટ્રેન દ્વારા મોકલવામાં આવેલ માલને શનિવારે બેનાપોલ પોર્ટ અથવા નોઆપારા ખાતે ઉતારીને ત્યાંથી અલગ અલગ વિસ્તારોમાં મોકલવામાં આવ્યો છે. ભારત બાંગ્લાદેશને ડુંગળી પણ મોકલી રહ્યું છે. બાંગ્લાદેશે જાહેરાત કરી છે કે, જર્મની, ઇજિપ્ત, ચીન અને સ્પેનમાંથી બટાકા અને ચીન, પાકિસ્તાન અને તુર્કીમાંથી ડુંગળીની આયાત કરશે કે જેથી ભારતીય આયાત પર તેની નિર્ભરતા ઓછી થાય.

ન્યૂયોર્કમાં સીઝનના પહેલા સ્નો સાથે શિયાળાની સત્તાવાર શરૂઆત

ન્યૂયોર્કમાં સ્નો સાથે શિયાળાની સત્તાવાર શરૂઆત થઈ હતી. શનિવારે વહેલી સવારે સિટીના રસ્તાઓ પર બરફ છવાઈ ગયો હતો. નેશનલ વેધર સર્વિસે ઉત્તરપૂર્વીય ન્યુ જર્સી અને દક્ષિણપૂર્વ ન્યૂયોર્કમાં હવામાનની ચેતવણી જારી કરી હતી. કાર ધીમે ચલાવવાની ચેતવણી પણ જારી કરવામાં આવી હતી. સ્નોફોલ હોવા છતાં કોઈપણ ફ્લાઈટને અસર થઈ નહતી.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

નેતાઓને નિશાન બનાવે છે. ભાજપ ખુદ ગેરકાયદેસર કામો કરે છે અને પછી બીજાઓ પર આક્ષેપ કરે છે. આખા ઉત્તરપ્રદેશમાં વિજળી ચોરીને નામે નિર્દોષોને પરેશાન કરવામાં આવે છે. રાહુલ ગાંધી પર એફઆઈઆર વિરોધીઓને ડરાવવા માટે કરવામાં આવી છે. ભાજપે સૌથી વધારે પોલીસ ફરિયાદ ખેડૂતો અને ગરીબો સામે કરી છે, પણ અમે ડરવાના નથી.

હિન્દુઓ પર અત્યાચારમાં બાંગ્લાદેશ પાકિસ્તાનથી આગળ

ભારતના વિદેશ મંત્રાલયના કહેવા પ્રમાણે આ વર્ષે ૮મી ડિસેમ્બર સુધીમાં બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હિંસાના ૨૨૦૦ જેટલા કિસ્સા બન્યા છે. શેખ હસિનાને સત્તા પરથી ઉથલાવ્યા પછી બાંગ્લાદેશની કામચલાઉ સરકારના સમયગાળા દરમિયાન હિન્દુઓ પર અત્યાચાર વધી ગયા છે. આ સમયગાળા દરમિયાન પાકિસ્તાનમાં હિન્દુઓ પર અત્યાચારના ૧૧૨ કિસ્સાઓ નોંધાયા છે. લઘુમતિ અને માનવ અધિકાર સંગઠનોએ જાહેર કરેલા આ આંકડા વિદેશ રાજ્યમંત્રી કિર્તી વર્ધનસિંહે લોકસભામાં મૂક્યા છે. ૨૦૨૨ના વર્ષમાં હિન્દુઓ પર થયેલા અત્યાચારના કિસ્સાની સંખ્યા ૪૭ હતી જ્યારે પાકિસ્તાનમાં આ સંખ્યા ૨૪૧ જેટલી હતી. ૨૦૨૩માં હિન્દુઓ પર થયેલા અત્યાચારના ૩૦૨ કિસ્સા બહાર આવ્યા હતા, જ્યારે પાકિસ્તાનમાં હિન્દુઓ પરના અત્યાચારની સંખ્યા ૧૦૩ હતી. રાજકીય નીરિક્ષકો માની રહ્યા છે કે બાંગ્લાદેશમાં વધી રહેલી કટ્ટરતા ભારત માટે જોખમી બની રહે એમ છે.

રઘુરામ રાજને એકાએક યુપીએ સરકારની ટીકા શા માટે કરી

અર્થશાસ્ત્રી અને યુપીએ સરકારમાં રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના ગવર્નર રહી ચૂકેલા રઘુરામ રાજનએ હંમેશા મોદી સરકારની ટીકા કરી છે. રઘુરામ રાજન એમ માનતા હતા કે આર્થિક નીતિ બાબતે મનમોહનસિંહનું શાસન વધુ યોગ્ય હતું. હવે એકાએક રઘુરામ રાજને યુપીએ સરકાર પર પ્રહાર કરીને કહ્યું છે કે, યુપીએ સરકારના ભ્રષ્ટાચાર અને ખોટી નીતિને કારણે બેંકોનું દેવું વધી ગયું હતું. પાછળથી આ દેવાને એનપીએ કરી દેવામાં આવ્યું હતું. રાજકીય વર્તુળમાં રઘુરામ રાજનના આ નિવેદનોથી આશ્ચર્ય થયું છે. દિલ્હીની એક લોબી એવું માની રહી છે કે, હાલની સરકારમાં રઘુરામ રાજનને કોઈ પદ જોઈતું હતું જે બાબતે સરકાર સાથે એમને સમાધાન થઈ ગયું હોવું જોઈએ. આ સમાધાનમાં કદાચ એક શરત એવી પણ હોઈ શકે કે રઘુરામ રાજને હવે યુ ટર્ન મારીને યુપીએ સરકારની ટીકા કરવી.

મોહન ભાગવતના નિવેદનને મુસ્લિમ ધર્મગુરુઓએ આવકાર્યું

કટ્ટરતા વિરુદ્ધ અને મંદિર-મસ્જિદ વિવાદ બાબતે મોહન ભાગવતે આકરી ટીકા કરી હતી. મોહન ભાગવતના આ નિવેદનને કારણે કટ્ટરવાદી હિન્દુ સંગઠનો નારાજ થયા છે. બીજી તરફ કેટલાક મુસ્લિમ ધર્મગુરુઓ આ બાબતે ખુશ થયા છે. મુસ્લિમ ધર્મગુરુઓનું માનવું છે કે આજના વાતાવરણમાં મોહન ભાગવતનું નિવેદન આવકાર દાયક છે. ઓલ ઇન્ડિયા શિયા પર્સનલ લો બોર્ડના મહામંત્રી યાસુબ અબ્બાસે કહ્યું છે કે, તેઓ ભાગવતના નિવેદનનું સ્વાગત કરે છે. દરેક મસ્જિદ અને દરગાહની નીચે મુર્તિઓ શોધવી દેશની એકતા માટે યોગ્ય નથી. આને કારણે દેશનું વાતાવરણ બગડે છે. જોકે કેટલાક રાજકીય નીરિક્ષકો માની રહ્યા છે કે મોહન ભાગવત જાહેરમાં કટ્ટરતાની ટીકા કરે છે પરંતુ ભાજપ શાસીત રાજ્યોના મુખ્યમંત્રીઓને સલાહ આપી શકતા નથી. આરએસએસના વિરોધીઓનું માનવું છે કે મોહન ભાગવત ડબલ ગેઈમ રમી રહ્યા છે.

બિભત્સ ભાષા વિવાદમાં ભાજપના નેતાને જામીન

મહિલા મંત્રી માટે બિભત્સ ભાષાનો ઉપયોગ કરવાને કારણે કર્ણાટક પોલીસે ભાજપ નેતા સીટી રવિની ધરપકડ કરી હતી. હવે કર્ણાટક હાઈકોર્ટે સીટી રવિને જામીન આપી દીધા છે. કર્ણાટક ભાજપના નેતાઓને એકાએક હવે ન્યાયતંત્ર તટસ્થ લાગવા માંડ્યું છે. કેટલાક ભાજપના નેતાઓએ તો ફટાકડા ફોડીને પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. સીટી રવિના પુત્ર સ્વાર્થ સૂર્યા તો હાઈકોર્ટના ચૂકાદાને આવકારે એમા નવાઈ નથી, પરંતુ કર્ણાટક ભાજપના સમગ્ર નેતાઓ કોર્ટના આ ચૂકાદાથી એવી રીતે આનંદીત થઈ રહ્યા છે કે, જાણે સીટી રવિને ભારત રત્ન મળી ગયો હોય! સૂત્રોના જણાવ્યા પ્રમાણે હાઈકોર્ટના હુકમ સામે કર્ણાટક સરકાર હવે સુપ્રિમ કોર્ટમાં જવાનું વિચારી રહી છે.

તામિલનાડુ સરકારે જનાજામા પોલીસ સુરક્ષા વધારી

તામિલનાડુ ભાજપના અધ્યક્ષ અન્નામલાઈને દરેક બાબતે તામિલનાડુ સરકાર સામે વાંધો પડે છે. કોઈમ્બતુર બોમ્બ વિસ્ફોટના આરોપી એસ એ બાશા પેરોલ પર છૂટ્યો હતો અને એનું મૃત્યુ થયું હતું. બાશાના અંતિમ સંસ્કાર માટે મોટા પ્રમાણમાં લોકો ભેગા થયા હતા. કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે એ માટે બાશાના જનાજામા મોટી સંખ્યામાં પોલીસો તૈનાત કરવામાં આવ્યા હતા. ૧૯૯૮માં તામિલનાડુમાં સિરિયલ બ્લાસ્ટ થયા હતા અને એનો માસ્તર માઈન્ડ બાશા હતો. તામિલનાડુ ભાજપના કેટલાક નેતાઓએ વધુ પોલીસ બંદોબસ્તને પણ વિવાદનો મુદ્દો બનાવી દઈ દેખાવો કર્યા હતા. દેખાવો કરનાર ભાજપના નેતાઓને પોલીસે જેલ ભેગા કરી દીધા હતા. હવે તામિલનાડુ ભાજપએ આ બાબતે રસ્તા રોકો આંદોલન શરૂ કર્યું છે.

આંબેડકર મુદ્દે આંદોલનના કારણે વિખેરાઈ રહેલું ગઠબંધન એક થયું

ડૉ. બાબાસાહેબ આંબેડકરના મુદ્દે સત્તાપક્ષ અને વિપક્ષ સામસામે છે. ભાજપે બાબાસાહેબ આંબેડકરનું અપમાન કર્યું એ મુદ્દે સૌથી પહેલાં કોંગ્રેસે સંસદ પરિસરમાં જ દેખાવો કર્યા. એમાં સમાજવાદી પાર્ટી, આમ આદમી પાર્ટી, આરજેડી, ઝામુમો, ડીએમકે સહિતના વિપક્ષો જોડાયા. થોડા દિવસ પહેલાં વિપક્ષી એકતા વિખેરાવા લાગી હતી. ઈન્ડિયા ગઠબંધનના નેતૃત્વ માટે મમતા બેનર્જીથી લઈને શરદ પવાર, કેજરીવાલ, લાલુ પ્રસાદ સહિતના નેતાઓ જુદા જુદા નિવેદનો આપતા હતા ને ગઠબંધનમાં તીરાડ પડી ગયાનું જણાતું હતું, પરંતુ સત્તાપક્ષ સામે આંબેડકરના મુદ્દે આંદોલન શરૂ થયું એનાથી વિખેરાઈ રહેલું ગઠબંધન ફરીથી એક થઈ રહ્યું છે. રાહુલ ગાંધીએ આંદોલનનું નેતૃત્વ લઈને ફરીથી કોંગ્રેસને બઢત અપાવી છે.

કેજરીવાલને સંજીવની યોજનાથી ચૂંટણીમાં ફાયદાની આશા

કેજરીવાલે દિલ્હીમાં એક પછી એક જાહેરાતો કરીને ચૂંટણી પહેલાં માહોલ બનાવ્યો છે. મહિલાઓને સન્માન રાશિ આપવાની જાહેરાત કરી તે પછી હવે સીનિયર સિટિજન્સ માટે સંજીવની યોજનાની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ દિલ્હીમાં ૬૦ વર્ષથી ઉપરની વયના તમામ નાગરિકોના સારવારનો ખર્ચ આપની સરકાર ઉપાડશે. ખાનગી હોસ્પિટલોમાં કે સરકારી હોસ્પિટલોમાં થતી સારવારનો સમાવેશ થાય છે અને બિલની કોઈ મર્યાદા નક્કી થઈ નથી એટલે આ જાહેરાતની અસર થશે.

દિલ્હી વિધાનસભાની ૧૨ એસસી અનામત બેઠકો પર ભાજપ ભીંસમાં

ડૉ. બાબાસાહેબ આંબેડકર અંગે ગૃહ મંત્રી અમિત શાહના નિવેદન પછી જે વિવાદ ચાલ્યો છે તેના કારણે વિપક્ષો ભાજપને ભીંસમાં લેવા બધી જ તરકીબો અજમાવી રહ્યા છે. આમ આદમી પાર્ટીએ પણ ફેબ્રુઆરીમાં થનારી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આ મુદ્દે ભાજપને ભીંસમાં લેવાનો વ્યૂહ ઘડ્યો છે. દિલ્હી વિધાનસભામાં ૧૨ બેઠકો એસસી અનામત છે. એ તમામ બેઠકો ફરીથી અંકે કરવા આમ આદમી પાર્ટીએ અમિત શાહને નિવેદનને હથિયાર બનાવ્યું છે. કેજરીવાલે અનામત બેઠકો પર જઈને ભાજપની દલિતો અંગેની નીતિની જાણકારી આપવા માટે એક ખાસ ટૂકડી બનાવી છે. આ ટીમ દરેક બેઠકોમાં જઈને લોકોને ભાજપના શાસનમાં દલિતો પર થઈ રહેલા અત્યાચાર અંગે જાણકારી આપશે.

બિહારમાં એનડીએની બેઠકમાં ભાજપ-જેડીયુના નેતાઓ વચ્ચે મૌન સંઘર્ષ

બિહારમાં એનડીએની સંયુક્ત બેઠક થઈ. એમાં નક્કી થયું કે ૧૫મી જાન્યુઆરીથી ચૂંટણીની રણનીતિ ઘડવામાં આવશે. મુખ્યમંત્રી નીતિશ કુમાર ઉપરાંત ભાજપના અધ્યક્ષ અને જેડીયુના અધ્યક્ષ સહિતના ટોચના નેતાઓ અને પારાસભ્યો બેઠકમાં હાજર હતા, પરંતુ મુખ્યમંત્રીનો ચહેરો કોણ હશે તે બાબતે હજુ સુધી ભાજપના નેતાઓ મગનું નામ મરી પાડતા નથી એટલે નીતિશ કુમાર અવઢવમાં છે. બેઠકમાં ભાજપ અને જેડીયુના ટોચના નેતાઓ વચ્ચે મૌન સંઘર્ષ ચાલતો રહ્યો. એકબીજાની વાતમાં વારંવાર નેતાઓ અસહમત થતા હતા. ૨૨૦ બેઠકોનો નિર્ધાર તો થયો, પરંતુ એ માટેની તૈયારીની ખાસ ચર્ચા થઈ નથી. ભાજપના નેતાઓ મહારાષ્ટ્રની જેમ બંધ બાજી રમવા ધારે છે.

ઈન્દિરા ગાંધી પછી એક પણ વડાપ્રધાને કુવૈતની યાત્રા કરી નથી

૧૯૮૧માં ઈન્દિરા ગાંધીએ કુવૈતની મુલાકાત કરી હતી. એ પછી ૪૩ વર્ષમાં એક પણ ભારતીય વડાપ્રધાન કુવૈતની યાત્રાએ ગયા ન હતી. ઈન્દિરા ગાંધી પછી ૪૩ વર્ષ બાદ નરેન્દ્ર મોદી કુવૈતની યાત્રાએ ગયા છે. પીએમ મોદીની આ મુલાકાતમાં બંને દેશો વચ્ચે ઉર્જા અને ઓઈલ ક્ષેત્રના મહત્ત્વના કરારો થાય એવી શક્યતા છે. મિડલ ઈસ્ટ પોલિસીના ભાગરૂપે આ યાત્રા બહુ જ મહત્ત્વની બની રહેશે. ભારતની ક્રૂડની જરૂરિયાતમાં કુવૈત ચાવીરૂપ ભૂમિકા ભજવી શકે છે.

સરકારે ચૂંટણીના

(૧૯મા પાનાનું ચાલુ)

ઉલ્લેખ ચૂંટણી સંચાલન નિયમોમાં કારયો છે. આદર્શ આચારસંહિતા મુજબ દરમિયાન ઉમેદવારોના સીસીટીવી ફૂટેજ, વેબકાસ્ટિંગ ફૂટેજ અને વીડિયો રેકોર્ડિંગ જેવા ઈલેક્ટ્રોનિક દસ્તાવેજો તેના દાયરામાં નથી આવતા. ચૂંટણી પંચના એક અધિકારીએ કહ્યું કે, નિયમોને ટાંકીને આ ઈલેક્ટ્રોનિક રેકોર્ડ માગવામાં આવ્યા હોવાના અનેક કિસ્સા સામે આવ્યા છે. જોકે, હવે કરાયેલા સુધારા એ બાબત સુનિશ્ચિત કરે છે કે માત્ર નિયમોમાં ઉલ્લેખ કરવામાં આવેલા દસ્તાવેજો જ જાહેર નિરીક્ષણ માટે ઉપલબ્ધ થઈ શકશે. નિયમોમાં જેનો કોઈ સંદર્ભ નથી તેવા કોઈ 'દસ્તાવેજો' એટલે કે ઈલેક્ટ્રોનિક દસ્તાવેજોના જાહેર નિરીક્ષણની મંજૂરી આપવામાં નહીં આવે.

ચૂંટણી પંચના અધિકારીઓએ કહ્યું કે, મતદાન કેન્દ્રોની અંદરથી સીસીટીવી કેમેરાના ફૂટેજનો દુરુપયોગ મતદારોની ગુપ્તતા સાથે સમજૂતી કરી શકે છે. તેમણે એમ પણ કહ્યું કે, ફૂટેજનો ઉપયોગ એઆઈ મારફત બનાવટી વાર્તા ઉપજાવી કાઢવા માટે પણ કરી શકાય છે.

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે તાજેતરમાં જ ચૂંટણી પંચને હરિયાણા વિધાનસભા ચૂંટણી સંબંધિત જરૂરી દસ્તાવેજોની નકલો વકીલ મહમૂદ પ્રાચાને ઉપલબ્ધ કરાવવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે ચૂંટણી સંચાલન સંબંધિત વીડિયોગ્રાફી, સીસીટીવી ફૂટેજ અને ફોર્મ ૧૭-સી ભાગ ૧ અને ૨ની નકલો માગવા માટે અરજી કરી હતી.

ચૂંટણીના નિયમોમાં કરાયેલા ફેરફાર મુદ્દે કોંગ્રેસે ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકારને ઘેર્યા હતા. કોંગ્રેસે સવાલ કર્યો કે ચૂંટણી પંચ અને સરકાર પારદર્શિતાથી શા માટે ડરે છે? કોંગ્રેસ નેતા જયરામ રમેશે કહ્યું કે, તાજેતરના દિવસોમાં ચૂંટણી પંચ દ્વારા સંચાલિત ચૂંટણી પ્રક્રિયામાં ઝડપથી ઘટતી સત્યનિષ્ઠા સંબંધિત અમારા દાવાઓનો સૌથી સ્પષ્ટ પુરાવો સામે આવ્યો છે. તેમણે ઉમેર્યું કે, પારદર્શિતા અને ખુલ્લાપણું ભ્રષ્ટાચાર અને અનૈતિક કાર્યોને ઉજાગર કરવામાં અને તેને ખતમ કરવામાં સૌથી વધુ મદદરૂપ બને છે. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે આ તર્ક પર સહમતિ વ્યક્ત કરતા ચૂંટણી પંચને બધી માહિતી પૂરી પાડવા નિર્દેશ આપ્યા હતા. જનતાને આ પૂરાવા આપવા કાયદાકીયરૂપે પણ આવશ્યક છે.

પરંતુ ચૂંટણી પંચે ચૂકાદાનું પાલન કરવાના બદલે જનતાને આપી શકાય તેવા પુરાવાઓની યાદી ઘટાડવા માટે કાયદામાં જ ફેરફાર કરી નાંખ્યો. ચૂંટણી પંચ પારદર્શિતાથી આટલું ડરે છે શા માટે ? ચૂંટણી પંચના આ પગલાંને ટૂંક સમયમાં જ કાયદાકીય રીતે પડકારવામાં આવશે.

મહારાષ્ટ્રમાં

(૧૯મા પાનાનું ચાલુ)

અને અજિત પવારની શપથવિધિ પાંચમી ડિસેમ્બરે થઈ હતી. તે પછી ૧૫મી ડિસેમ્બરે ૩૯ પ્રધાનની શપથવિધિ થઈ હતી. મહારાષ્ટ્ર વિધાનસભાનું શિયાળુ સત્ર શનિવારે પુરુ થયું હતું તેના થોડા કલાકો પછી પ્રધાનોના પોર્ટફોલિયો ફાળવણી જાહેર કરવામાં આવી હતી.

ભારત દુનિયાનું

(૧૯મા પાનાનું ચાલુ)

તેમણે ઉમેર્યું કે, ભારતને સૌથી વધુ જરૂર પડી ત્યારે કુવૈતે હિન્દુસ્તાનને લિક્વિડ ઓક્સિજનનો પૂરવઠો પૂરો પાડ્યો. હિઝ હાઈનેસ ધ ક્રાઉન પ્રીન્સે પોતે આગળ આવીને બધાને ઝડપથી કામ કરવા પ્રેરિત કર્યા. મને સંતોષ છે કે ભારતે પણ કુવૈતને રસી અને મેડિકલ ટીમ મોકલી આ સમસ્યા સામે લડવામાં મદદ કરી હતી.

તેમણે ઉમેર્યું કે, ફિનટેકથી લઈને હેલ્થકેર સુધી, સ્માર્ટ સિટીથી ગ્રીન ટેક્નોલોજી સુધી ભારતના સ્ટાર્ટઅપ કુવૈતની દરેક જરૂરિયાત પૂરી કરી શકે તેમ છે. ભારતના સ્કીલ્ડ યુથ કુવૈતના ભાવી પ્રવાસને નવી તાકત આપી શકે તેમ છે. ભારત આજે દુનિયાનું સ્કિલ કેપિટલ બનવાનું સામર્થ્ય ધરાવે છે. તેથી ભારત દુનિયાની સ્કિલ ડીમાન્ડ પૂરું કરવા પણ સમર્થ છે.

પીએમ મોદી બે દિવસના પ્રવાસમાં કુવૈત પહોંચતા જ ૧૦૧ વર્ષના પૂર્વ બ્યુરોક્રેટ મંગલસેન હાંડાને મળવાનું વચન પૂરું કર્યું. આ સાથે તેમણે રામાયણ અને મહાભારતનો અરબીમાં અનુવાદ કરનારા અબ્દુલ્લા બેરન અને તેને પ્રકાશિત કરનારા અબ્દુલ લતીફ અલનેસેફ સાથે પણ મુલાકાત કરી હતી.

રશિયાના કઝાન

(૧૯મા પાનાનું ચાલુ)

આ હુમલાના કેટલાક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. હુમલાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં ડ્રોન એક રહેણાંક ઈમારત સાથે ટકરાતા જોઈ શકાય છે.

સૂત્રો મુજબ યુક્રેને આઠ ઈમારતોને નિશાન બનાવી હતી, પરંતુ ત્રણ ઈમારતોને જ નુકસાન પહોંચ્યું છે. આ હુમલાના પગલે કઝાન શહેરમાં તકેદારીના ભાગરૂપે અસ્થાયી રૂપે એરપોર્ટ બંધ કરી દેવાયું છે. શનિવાર અને રવિવારની જાહેર પ્રાર્થનાના કાર્યક્રમો પણ રદ કરી દેવાયા છે. કેટલીક સ્કૂલોને પણ ખાલી કરી દેવાઈ હતી. બીજીબાજુ યુક્રેને જણાવ્યું હતું કે, રશિયાએ શનિવારે રાતે ૧૧૩ ડ્રોનથી ખારકીવ પર હુમલો કર્યો હતો, પરંતુ તેમની એરફોર્સે ૫૭ ડ્રોન તોડી પાડ્યા જ્યારે ૫૬ ડ્રોન લાપતા થઈ ગયા છે. આ સિવાય છેલ્લા બે મહિનામાં રશિયામાં ચાર હાઈપ્રોફાઈલ હત્યાઓ થઈ છે, જેને યુક્રેન સાથે પ્રત્યક્ષ અથવા પરોક્ષ સંબંધ રહ્યો છે.

પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ ⇌ ભૂજ વચ્ચે વિન્ટર સુપરફાસ્ટ સ્પેશ્યલ ટ્રેનો દોડાવશે

ટ્રેન નંબર	ઉપડવાનું સ્ટેશનથી ગંતવ્ય	ચાલવાના દિવસો	ઉપડશે	પહોંચશે
09471	બાંદ્રાટર્મિનસ-ભૂજ	23.12.2024 અને 30.12.2024	12.45 કલાક (સોમવાર)	03.30 કલાક (બીજા દિવસે)
09472	ભૂજ-બાંદ્રાટર્મિનસ	22.12.2024 અને 29.12.2024	19.00 કલાક (રવિવાર)	09.45 કલાક (બીજા દિવસે)
હોલ્ટ : બોરિવલી, વાપી, ઉધના, વડોદરા, અમદાવાદ, હળવદ, સમખિયાળી અને ગાંધીધામ સ્ટેશન બન્ને દિશામાં.				
સંયોજન : ફસ્ટ એસી, એસી 2- ટાયર, એસી 3- ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચીસ.				
09473	બાંદ્રાટર્મિનસ-ભૂજ	26.12.2024	09.55 કલાક (ગુરૂવાર)	23.30 કલાક (તે જ દિવસે)
09474	ભૂજ-બાંદ્રાટર્મિનસ	25-12-2024	15.50 કલાક (બુધવાર)	04.55 કલાક (બીજા દિવસે)
હોલ્ટ : બોરિવલી, વાપી, ઉધના, સૂરત, વડોદરા, અમદાવાદ, હળવદ, સમખિયાળી અને આદિપુર સ્ટેશન બન્ને દિશામાં.				
સંયોજન : એસી 2- ટાયર, એસી 3- ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચીસ.				

[illegible] www.enquiry.indianrail.gov.in [illegible]

ટ્રેન નં 09471, 9472, 9473 અને 9474 નુ બુકિંગ તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખુલ્લુ છે. ઉપરોક્ત ટ્રેનો સ્પેશ્યલ ટ્રેનો તરીકે સ્પેશ્યલ ભાડે દોડશે.

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
અમને લાઈક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: X.com/WesternRly

તમામ રીઝર્વ ટિકીટો સાથે કૃપા કરી અસલ આઈડી પ્રૂફ સાથે રાખો

ઓન લાઈન જાહેર નિવિદા નં.૭ સને ૨૦૨૪-૨૫
માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૪, ''બી'' બ્લોક, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન નં.૭૯-૨૩૨-૫૯૧૯૯,૯૮ અને ૯૩ ધ્વારા યોગ્ય લાયકાત ધરાવતાં ઈજારદારો પાસેથી
(૧) પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ (પી.એમ.સી) સમગ્ર ગુજરાત રાજ્યમાં બિલ્ડીંગના કામો બાબત. જેની અંદાજીત કીંમત રૂ.૮,૩૨,૦૯,૮૬૦.૦૦ છે.
જે કામ ઈ-ટેન્ડરીંગ પધ્ધતિથી ઓન લાઈન માંગવામાં આવેલા છે. કામના ટેન્ડર ડોક્યુમેન્ટ તથા વિગતો આ વેબસાઈટ www.rnb.nprocure.com ઉપરથી તા.૦૨/૦૧/૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધી જોવા મળી શકશે તેમજ ભરી શકાશે
આ કામો અંગેની વધારાની માહિતી વિગતવાર ઉપરોક્ત કચેરી તથા વેબસાઈટ પરથી મળી શકશે.
ઓનલાઈન ટેન્ડર અંગે અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં આ કચેરી તરફથી કરવામાં આવેલ સુધારા/વધારા ઈજારદારશ્રીએ ધ્યાને લેવાના રહેશે અને ત્યારબાદ ભાવો ભરવાના રહેશે. આ બાબતે ઈજારદારશ્રીની અંગત જવાબદારી રહેશે.
માહિતી/૧૮૧૮/૨૦૨૪-૨૫

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ, સબ-ડીસ્ટ્રીક્ટ તેમજ તાલુકા ખેડાના મોજે : કનેરા ગામની સીમના ખેડુત ખાતા નંબર-૨૩૮ હેઠળના સરવે નંબર-૫૦૦ ની ૩૬૪૨ સમચોરસમીટરના ક્ષેત્રફળની ખેતીની જમીન (૧) ચંપાબેન ધનવંતરાય પંડયાના પતી (૨) વિજયભાઈ ધનવંતરાય પંડયા તથા (૩) ભાવેશ ધનવંતરાય પંડયાની સહીયારી માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની તેમજ તેઓના જાત ખેડ હકકની અને તમામ પ્રકારના વિવાદ અને બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ કલીઅરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ જમીન કે તેના કોઈપણ ભાગ ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હીસ્સો, ખેડ હક્ક કે બોજો તેમજ રસ્તાનો હક્ક કે બાનાખતના હક્કો વિગેરે કાંઈપણ હોય તો તેમણે તે અંગેની લેખીત જાણ, તેને લગતાં લેખીત પુરાવાની પ્રમાણીત નકલો સહીત રજી.એ.ડી. પોસ્ટ દ્વારા આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ (દસ) માં અમોને નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો, બોજો, રસ્તાનો હક્ક કે બાનાખતના હક્કો વીગેરે કાંઈપણ નથી અને હોય તો તે જતાં કરેલ છે તેમ સમજી મુદત વીતે ટાઈટલ સર્ટીફીકેટ આપવામાં આવશે, જેની નોંધ લેવી.

તારીખ : ૨૨-૧૨-૨૦૨૪

સોહિલ એન. પટેલ, એડવોકેટ
૧૧૯, એસ.વી. સ્કવેર,
નિધાન પ્રાઈડ સામે, ન્યુ રાણીપ,
અમદાવાદ-૩૮૨૪૮૦
મો.-૯૯૦૯૦૧૭૨૪૭

Uttar Gujarat Vij Company Limited
CIN - U40102GJ2003SGC042906
Regd. : Corporate Office, Visnagar Road, Mehsana-384001
Toll free number 19121 OR 18002331553335 www.ugvcl.com

TENDER NOTICE

Tender Notice No-1) : UGVCL/SP/IV/1306/Purchase of Currency Counter cum - Fake Currency Note Detector & 2) UGVCL/SP/III/1334/TMR Book are put up for on line tendering on www.ugvcl.com and https://tender.nprocure.com Interested Vendors are requested to locate the same for above mentioned Web site.

Chief Engineer (P&P)

ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા
(માર્ગ અને મકાન વિભાગ)
જાહેર નિવિદા નં.૧૭ (૨૦૨૪-૨૦૨૫) (સુધારો-૧)

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, કે. વી. રોડ, જામનગર – ૩૬૧૦૦૧ ફોન નં.૦૨૮૮-૨૫૫૦૩૬૨ દ્વારા ઉપરોક્ત નિવિદાનાં ટેન્ડરમાં કામ નં.૧ થી ૪ માં સુધારો કરી આ કામો તા.૨૨/૦૧/૨૦૨૫ સુધી ઓન લાઈન પ્રાપ્ય રહેશે. તેમજ કામ નં.૧ માટે પ્રિ-બીડ મીટીંગ તા.૧૦/૦૧/૨૦૨૫ ના રોજ રહેશે. જેની સર્વેએ નોંધ લેવા વિનંતી. બાકીની તમામ વિગતો મુળ નિવિદા પ્રમાણે યથાવત રહેશે. (INF-JAM-685-24)

ગુજરાત સરકાર
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
જાહેર નિવિદા નં. ૧૭ સને ૨૦૨૪-૨૫
ટેન્ડર આઈ.ડી. ૧૩૯૯૯૬

કામનું નામ	કામની અંદાજીત રકમ રૂ. લાખમાં	ઓન લાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ અને સમય
૨	૩	૪
ઘેલો સિંચાઈ યોજના રિનોવેશન ઓફ સબ ડિવીઝન ઓફીસ બિલ્ડીંગ એટ ગઢડા. (બીજો પ્રયત્ન)	૭.૭૫	તા. ૩૦/૧૨/૨૦૨૪ ૧૮:૦૦ કલાક સુધીમાં

કચેરીનું નામ, સરનામું અને ફોન નંબર - કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી બોટાદ સિંચાઈ વિભાગ, કાનીયાડ સિંચાઈ વસાહત, ભાવનગર રોડ, બોટાદ ફોન નંબર (ઓ) ૦૨૮૪૯-૨૫૧૭૦૫ વધુ વિગતો www.tender.nprocure.com વેબ સાઈટ ઉપર જોઈ શકાશે.
માહિતી/ભાવ/૯૧૧/૨૦૨૪

જાહેર નિવિદા નં. ૩૦ સને ૨૦૨૪-૨૫

કાર્યપાલક ઈજનેરશ્રી, અમદાવાદ (મા.ર.મ) વિભાગ, અમદાવાદ, બ્લોક-સી, બીજે માળ, બહુમાળી ભવન, ડ્રાઈવ-ઈન રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦ ૦૫૨ દ્વારા ૧ (એક) રસ્તાનાં કામનાં ટેન્ડરો માંગવામાં આવે છે. જેની અંદાજિત કિંમત રૂા. ૪૬૧૪.૭૫ લાખ થવા જાય છે. આ કામના ટેન્ડર ડોક્યુમેન્ટ https://tender.nprocure.com ઉપર તા. ૨૩/૧૨/૨૦૨૪ થી જોઈ શકાશે તથા તા. ૦૮/૦૧/૨૦૨૫ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાનાં રહેશે.
આ અંગેની વિગતવાર નોટિસ માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in ઉપરથી જોવા મળશે. તેમજ વધુ વિગતો રજા સિવાયનાં સમય દરમ્યાન આ કચેરીનો રૂબરૂ સંપર્ક કર્યેથી મળશે. તેમજ ભવિષ્યમાં જરૂરી સુધારા ઓન-લાઈન જોવા વિનંતી છે.
ક્રમાંક/સંમાનિ/અમદ/૧૩૨૯/૨૦૨૪

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
"ગુજરાત સરકારનુ સાહસ"
જાહેર નિવિદા નંબર-૧૧ સને. ૨૦૨૪-૨૫

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, જુની કોર્ટ બિલ્ડીંગ સબજેલની બાજુમાં માલપુર રોડ, મોડાસા મોબાઈલ નં. ૯૯૭૮૭૦૬૬૧૬ દ્વારા નીચેના કામ માટે ઈ-ટેન્ડરીંગ પધ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે.

અ. નં.	કામની વિગત	અંદાજીત કિંમત રૂ. લાખમાં	કોન્ટ્રાક્ટ માટેની પાત્રતા	ટેન્ડર આઈડી નં.	ભાવો ભરવાની છેલ્લી તા.
૧	વાત્રકજળાશય આધારીત એસ.કે.-૩ ભાગ-૧ જુથ પા.પુ. યોજનાના સિવિલ અને સંલગ્ન કોમ્પ્રેહેંસીવ મરામત અને નિભાવણી હેડર રાખવી અને મેઘરજ જુથના સમાવિષ્ટ ગામો/પરાઓને ૦૨ માસ માટે પીવાનું પાણી પુરૂ પાડવાના કામ	૨૧.૬૩	"ઈ-૧" ક્લાસ અને ઉપરના	૧૩૯૦૭૪	૩૦.૧૨.૨૪

એક અથવા તમામ ટેન્ડરો કોઈ પણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધીત અધિકાર ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સક્ષમ અધિકારીને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતિ વેબ www.tender.nprocure.com ઉપર મુકવામાં આવેલ છે. ગ્રામ્ય પા.પુ. યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો. હવે પછીનો કોઈપણ સુધારો હશે તે ફક્ત વેબસાઈટ પર જોવા મળશે.
નાયામિ/મિમજ/૩૯૩/૨૦૨૪

ગુજરાત ઓલિમ્પિક પ્લાનિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (GOLYMPIC)

ગુજરાત ઓલિમ્પિક પ્લાનિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (GOLYMPIC) દ્વારા Appointment of Project Management Consultancy (PMC) for development of SVP Enclave and Karai Sports Hub માટેનું (nProcure Tender ID - 140026) પર ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તા.૩૧/૦૧/૨૦૨૫, ૧૬-૦૦ કલાક સુધી રહેશે તથા ફિઝીકલ ટેન્ડર ફી ભરવાની છેલ્લી તા.૩૧/૦૧/૨૦૨૫, ૧૬-૦૦ કલાક સુધી રહેશે.

સ્થળ:
ગોલિમ્પિક
વહીવટી બિલ્ડીંગ, સેક્ટર-૧૩-બી,
ખ-૩, સર્કલ નજીક, વાવોલ રેલ્વે ક્રોસીંગ પાસે,
EVM વેર હાઉસ કચેરીની બાજુમાં, ગાંધીનગર. પીન કોડ - ૩૮૨૦૧૬
તા.૨૧/૧૨/૨૦૨૪
માહિતી/૧૮૧૯/૨૦૨૪-૨૫

જનરલ મેનેજર-આયોજન અને સંકલન ગોલિમ્પિક

મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, સરદાર પટેલ વિદ્યુત ભવન
રેસકોર્ષ, વડોદરા-૩૯૦ ૦૦૭
CIN:U40102GJ2003SGC042907
MGVCL

જાહેર વિજ્ઞપ્તિ

માનનીય ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જીઈઆરસી), ગાંધીનગર સમક્ષ રજૂ કરેલ પીટીશન અરજી નં. ૨૪૦૭/૨૦૨૪ બાબતમાં

માનનીય ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, ગાંધીનગર સમક્ષ નિમ્ન લિખિત સંદર્ભમાં અરજદાર મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા વીજ અધિનિયમન ૨૦૦૩ ની કલમ ૬૩, ૮૬(૧)(બ) અને અન્ય સંલગ્ન જોગવાઈ અન્વયે પીએમ કુસુમ યોજનાના ઘટકસી હેઠળ આરએફએસ નંબર એમજીવીસીએલ / પ્રોજેક્ટ / પીએમ-કુસુમ-સી-એફએલએસ/ટીએન-૦૭ તા.૦૩/૦૧/૨૦૨૪ થી ફીડર લેવલ સોલારાઈઝેશન હેઠળ ટેરિફ આધારિત સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા મારફત પ્રાપ્ત થયેલ ટેરિફ અપનાવવા માટે ૧૧કેવી ફીડરોના સોલરાઈઝેશન માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ જેમાં ૩૩ સબસ્ટેશનના કુલ ૭૯ મેગાવોટના પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. આ સંદર્ભમાં તા.૧૩.૧૨.૨૦૨૪ના રોજ સુનાવણી દરમિયાન, માનનીય આયોગના આદેશ મુજબ હિસ્સેદારો (સ્ટેકહોલ્ડર્સ) ને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત પીટીશનમાં કોઈ સુચનો/વાંધા/કોમેન્ટ્સ રજુ કરવા ઈચ્છા ધરાવતા હોય તો તેઓએ સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠ્ઠે માળ, ગીફ્ટ-૧, રોડ ૫-સી, ઝોન ૫, ગીફ્ટ સીટી ગાંધીનગર ૩૮૨૩૫૫ ને આ જાહેર સુચનાની તારીખથી ૭ દિવસ સુધીમાં આધારિત પુરાવા સહીત સોગંદનામાં પર પાંચ કોપીમાં આપવાની રહેશે. સદર સુચનો/વાંધા/કોમેન્ટ્સની રજૂઆતની એક નકલ જે તે અરજદારે નિમ્ન લિખિત સરનામા પર પણ મોકલી આપવાની રહેશે. ઉપરોક્ત બાબતમાં રસ ધરાવતા પક્ષકારોને પીટીશનની નકલ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ), મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, નિગમ કચેરી, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્ષ, વડોદરા-૩૯૦૦૦૭ અને અન્ય પીટીશનરોને આપવાની રહેશે. સદર પીટીશનની ઈલેક્ટ્રોનિક નકલ અરજકર્તાની વેબસાઈટ www.mgvcl.com પર ઉપલબ્ધ છે.

તા. ૧૭.૧૨.૨૦૨૪ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ), એમજીવીસીએલ